સુવિચાર

''કરૂણતા એ છે કે, ખોટી વાત ફેલાવવા માણસ નથી રાખવા પડતા ને સાચી વાત સાબિત કરવા વકીલની જરૂર પડે છે''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૧૧/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ કારતક સુદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૨૭૦



## અમરેલી નાગરિક સહકારી બેંકમાં કર્મચારીઓની પ્રગતિનો નવો માઇલસ્ટોન

**બેન્કિંગ ક્ષેત્રનો ઐતિહાસિક પ્રેરણાત્મક દાખલો અમરેલી નાગરિક સહકારી બેંકમાં વર્ગ ચાર કર્મચારી તરીકે જોડાયેલા કર્મચારીનું બેદાયકાની મહેનત બાદ એમ.ડી તરીકે પ્રમોશન થયું અમરેલીના મેનેજમેન્ટ ગુરૂ અને સ્વપ્ન દ્રષ્ટા શ્રી. પી.પી સોજીત્રા ની વાણિજ્ય કુનેહનું ઉત્તમ ઉદાહરણ**

અમરેલીઃ અમરેલી નાગરિક સહકારી બેંકમાં કર્મચારીઓ અને અધિકારીઓને પ્રમોશન ફાળવવામાં આવ્યા હતા. આધુનિક અમરેલીના પ્રણેતા અને મેનેજમેન્ટ ગુરૂની ઉપમા ધરાવતા શ્રી પી.પી સોજીત્રા ના માર્ગદર્શનમાં આ બેન્કે એક નવો ઇતિહાસ રચ્યો છે. અમરેલી નહી પરંતુ કદાચ રાજયના ઇતિહાસનો પ્રથમ કહી શકાય તેવો કિસ્સો અમરેલી નાગરિક સહકારી બેંકે સાબિત કરી આપ્યો છે. બેંકમાં અંદાજિત બે દાયકા અગાઉ વર્ગ-૪ ના કર્મચારી તરીકે જોડાયેલા શ્રી દિલીપ ધોરાજીયાનું આકરી મહેનત અને લગન થકી બેંકના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે પ્રમોશન થયું છે.

આ પ્રેરણાત્મક કિસ્સાની વાત કરીએ તો, કોઈપણ ક્ષેત્રની નોકરીમાં બઢતી એ નોકરીના ઉપક્રમ નો એક ભાગ છે. જોકે, વર્ગ ચાર થી સુપર ક્લાસ વન સુધીનું આ પ્રમોશન અથવા તો મેનેજમેન્ટ ટીમના સર્વોચ્ચ વડા સુધીનું પ્રમોશન એ કોઇ પણ ક્ષેત્રમાં અશક્ય સમાન હોય છે. અશક્ય અને શક્ય કરવા માટે જાણીતા અમરેલીના દ્રષ્ટા અને નાગરિક બેંકના પાયાના પથ્થર સમાન શ્રી પી.પી સોજીત્રાની મેનેજમેન્ટ કુનેહનું ઉત્તમ ઉદાહરણ અમરેલીમાં જોવા મળ્યું. અહી નાગરિક સહકારી બેંકમાં આશરે બે દાયકા અગાઉ રિકરીગ વિભાગમાં વર્ગ-૪ ની નોકરીમાં જોડાયેલા દિલીપ ધોરાજીયાને ઉત્તરોત્તર પ્રમોશન મળતા રહ્યા. તેમના જીવનમાં ક્યારેય કલ્પના ન કરી હોય તેવું એક પ્રમોશન તેમને આપવામાં આવ્યું. આ પ્રમોશન મળતાની સાથે જ શ્રી ધોરાજીયા બેંકના મેનેજિંગ ડિરેક્ટર એટલે કે એમ.ડી બની ગયા. ગુજરાત રાજયના બેન્કિંગ ઇતિહાસમાં આ પ્રમોશન એક સીમાચિન્હરૂપ ઉદાહરણ છે. જીવનમાં જે કોઈ પણ વ્યકિત મહેનત કરે છે તેમના માટે આ દાખલો આજીવન એક દ્રષ્ટાંત બની રહેશે. બેન્કિંગ અને વાણિજય ક્ષેત્રમાં આ પ્રકારની જવલ્લે જ બનતી ઘટનાનું સાક્ષી અમરેલી બન્યું ત્યારે ફરીથી એક વખત શ્રી પી.પી સોજીત્રાની મેનેજમેન્ટ સ્કીલનો દાખલો સમગ્ર રાજયમાં ગુંજતો થયો છે.અમરેલી જિલ્લા નાગરિક સહકારી બેંક એ ગ્રાહકોના વિશ્વાસ તેમજ બેન્કિંગ ક્ષેત્રની અધતન સેવાઓ સાથે સમર્પિત અને કટિબદ્ધ છે.



દિલીપ ધોરાજીયા
એમ.ડી.

### અમરેલી નાગરિક સહકારી બેંક ના કર્મચારીઓને મળ્યું પ્રમોશન



સંજય રાજપરા
મેનેજર



ભાવિન નીર્મળ
ઓફીસર



કિશન કારેલીયા
ઓફીસર



જય તળાવીયા
ઓફીસર

### અમરેલી નાગરિક બેંક ના ફીકસ પગારદાર કર્મચારીઓ થયા કાયમી



ધ્યેય પંડયા
કલાર્ક



તન્વી ગજેરા
કલાર્ક



હર્ષ વ્યાસ
કલાર્ક



કૃણાલ શીંગાળા
કલાર્ક



વિવેક આજુગીયા
કલાર્ક



કેવીન સોરઠીયા
કલાર્ક



વિશાલ દુહેરા
પ્યુન



હર્ષીલ દવે
પ્યુન

અમરેલી નાગરિક સહકારી બેંકમાં કર્મચારીઓની પ્રગતિનો નવો માઇલસ્ટોન છ ફિક્સ પે ક્લાર્ક થયા કાયમી,ત્રણ ક્લાર્કને અધિકારી તરીકે અને આસિસ્ટન્ટ મેનેજરને મેનેજર તરીકે પ્રમોશન આ મહત્વપૂર્ણ નિર્ણય બેંકના માર્ગદર્શક અને મેનેજમેન્ટ ગુરૂ તરીકે જાણીતા શ્રી પી.પી. સોજીત્રા ના દષ્ટિવંત નેતૃત્વ હેઠળ લેવામાં આવ્યો છે. શ્રી સોજીત્રાના માર્ગદર્શન હેઠળ અમરેલી નાગરિક સહકારી બેંક સતત માનવસંસાધન વિકાસમાં નવી દિશા સ્થાપી રહી છે. કર્મચારીઓની નિષ્ઠા, કાર્યપ્રતિબદ્ધતા અને સંસ્થાપ્રેમને ધ્યાનમાં રાખીને આ પ્રમોશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પગલાથી બેંકના સ્ટાફમાં નવા ઉત્સાહ અને ઉમંગનો સંચાર થયો છે.

''અમરેલી નાગરિક સહકારી બેંકમાં દરેક કર્મચારીને બેંક પરિવારનો મહત્વપૂર્ણ અંગ માનવામાં આવે છે. મહેનત અને ઈમાનદારીનું હંમેશા યોગ્ય પ્રતિફળ આપવામાં આવે છે. એ જ અમારી સંસ્થાની સંસ્કૃતિ છે''- શ્રી પી.પી. સોજીત્રા

**આ નિર્ણય સાથે અમરેલી નાગરિક સહકારી બેંકે ફરી એકવાર સાબિત કર્યુ છે કે કર્મચારીઓની પ્રગતિ અને માનવતાભર્યા નેતૃત્વ સાથે જ સંસ્થા વિકાસના શિખરો સર કરી શકે છે.**

જયેશ નાકરાણી
ચેરમેન

ભાવિન સોજીત્રા
વાઈસ ચેરમેન

બોર્ડ ઓફ ડિરેકટર્સ
તથા બેંકના સમગ્ર સ્ટાફગણ

## અમરેલી નાગરિક સહકારી બેંક લિ. - અમરેલી

# અમરેલીમાં સરદાર સર્કલનુ નવિનીકરણ બાદ લોકાર્પણ કરાયુ



અમરેલીમાં આગવી ઓળખ ધરાવતા સરદાર સર્કલનું નવની કરણ કરી ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના સંતો પૂ. ગઢડાના કોઠારી અધ્યાત્મસ્વરૂપ સ્વામી, સાધુ ચરિત સ્વામી, યોગવીર સ્વામી, વિનય જીવન સ્વામી, દિવ્ય સેતુ સ્વામી સહિત મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ કાર્યક્રમ હરિભક્તો નગરજનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાનાં શાબ્દિક પ્રહારો

## ભાજપની ડબલ એન્જિન સરકારની ખેડૂત વિરોધ નીતિથી ખેડૂતો બરબાદ થઈ ગયા

### કોંગ્રેસ દ્વારા ૬ નવેમ્બરથી સોમનાથથી આક્રોશ યાત્રાનું પ્રસ્થાન કરાશે

અમદાવાદ, તા. ૩૧

આજે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી છે, ત્યારે સરદાર સાહેબને શત શત નમન કરીને ખેડૂત–ખેત મજદૂર માટે સરદાર સાહેબના સંદેશને યાદ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ખેડૂતોના યોગદાનને કોઈ અવગણી શકે નહિ, ખેડૂત પર દુઃખ આવે તો આખો દેશ દુઃખી થાય, અત્યારે આખા રાજયના ખેડૂતો દુઃખી છે, કમોસમી વરસાદથી ખેતરમાં પાક બળી ગયો, ખુબ નુકસાન થયું, ભાજપની ૩ દાયકાથી સત્તા છે તેમ છતાં ખેડૂતો માટે કોઈ કાયદા લાવ્યા નથી, ભાજપની બી ટિમ રહી છે તે પણ ખેડૂત વિરોધી છે, કેન્દ્રની ભાજપ સરકારે ખેડૂત વિરોધી ત્રણ કાળા કાયદા લાવ્યા હતાં. જેની સામે સંસદથી સડક સુધી જનનાયક રાહુલ ગાંધીએ અને ખેડૂત સંગઠનોએ વ્યાપક વિરોધ કરી ૩ કાયદા રદ કરાવ્યા, ગુજરાતના ખેડૂતોને જે નુકસાન થયું છે તે અંગે સરકાર જલ્દી વિચારે, બિયારણના અછત છે તો એની વ્યવસ્થા કરવામાં આવે, ખોટી જમીન માપણી રદ કરવામાં આવે, જમીન સંપાદનના નામે ખેડૂતો સાથે અત્યાચાર કરવામાં આવે છે તે બંધ કરવામાં આવે, ખેડૂતો માટે સહાયની જાહેરાત કરવામાં આવે, ભાજપ સરકાર ખોટી જાહેરાતો કરે છે, મંત્રીઓ ફોટો સેશન કરે છે ત્યારે કોંગ્રેસ પક્ષ ખેડૂતોની માંગણીઓ સાથે ૧લી નવેમ્બરથી ૫ નવેમ્બર સુધી તાલુકા ક ક્ષ ા અ ે ધરણા–પદયાત્રા–આવેદનપત્ર આપશે. તા. ૬ તમામ જિલ્લામાં ખેડૂતો ભેગા થઈ ધરણા પદયાત્રા સ્વરૂપે કલેકટર કચેરીઓને ઘેરાવ કરવામાં આવશે, ગુજરાત કોંગ્રેસ દ્વારા ખેડૂતોના ન્યાય માટે ખેડૂત આક્રોશ યાત્રા ૬ નવેમ્બરથી સોમનાથથી શરૂઆત કરવામાં આવશે જે ૧૩ નવેમ્બરના રોજ દ્વારકા ખાતે યાત્રાનું સમાપન કરવામાં આવશે. ખેડૂત આક્રોશ યાત્રા સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લામાંથી પસાર થશે.

અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈએ ખેડૂત આક્રોશ યાત્રા અંગે વિગતો સાથે જણાવ્યું હતું કે, ગુજરાતનો ખેડૂત અને ખેતી પાયમાલ થઈ રહ્યાં છે. કુદરતી આફતોનો સતત માર પડી રહ્યો છે અને બીજી બાજુ ભાજપ સરકાર સતત ખેડૂત વિરોધી નિતિના કારણે ગુજરાતના ખેડૂતોને બેવડો માર પડી રહ્યો છે. ત્યારે કોંગ્રેસ પક્ષ ગુજરાતમાં ખેડૂત આક્રોશ યાત્રા દ્વારા ખેડૂતોની માંગ સાથે ન્યાય માટે લડત આપશે.

ખેડૂત આક્રોશ યાત્રા અંગે યોજાયેલ વિશેષ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી અને સોશ્યલ મીડીયાના ચેરમેન ભૂમન ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં.

### પંડયા અને પાઠક પરિવાર દ્વારા

## ચલાલામાં તુલસી વિવાહનો પ્રંસગ ધામધૂમથી ઉજવાશે

### ઠાકોરજીની જાન રાધાકૃષ્ણ મંદિરે જશે

ચલાલા, તા, ૩૧

રાજકોટ નિવાસી મયુરીબેન તથા કિંકરભાઈ નરેન્દ્રભાઈ પંડ્યા અને લીલીયા નિવાસી મમતાબેન તથા આશિષભાઈ ધનસુખભાઈ પાઠક દ્વારા ચલાલાના સેવાભાવી ઈલાબેન તથા અશોકભાઈ જોષી પરિવારના આંગણે તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે અને તુલસી વિવાહ ધામધૂમથી ઉજવવામાં આવશે તારીખ ૧,૧૧ ને શનિવાર સાંજના ૪થી ૬ શ્રી તુલસી માતાના રૂડા લગ્ન ગીત શરણાયુના સૂર સાથે મમતાબેન તથા આશિષભાઈ ધનસુખભાઈ પાઠક પરિવાર દ્વારા ત્રિવેણી સંગમ રાધાકૃષ્ણ મંદિરે ગવાશે. તેમજ તા. ૨.૧૧.૨૦૨૫ રવિવારના ચાર કલાકે મયુરીબેન તથા કિંકર ભાઈ નરેન્દ્ર ભાઈ પંડ્યા પરિવાર દ્વારા ચલાલાના સેવા ભાવી ઈલાબેન તથા અશોકભાઈ જોશીના નિવાસ્થાનેથી શ્રી શાલીગ્રામ ભગવાનની (ઠાકોરજી)ની રૂડી જાજેરી જાન શરણાયુના સૂર સાથે વાજતે ગાજતે પ્રસ્થાન કરી ત્રિવેણી સંગમ રાધાકૃષ્ણ મંદિરે જશે.



ત્યાં પાઠક પરિવાર દ્વારા તેઓના સગા સ્નેહીઓ અને આમંત્રીત મહેમાનો દ્વારા ઠાકોરજીની રૂડી જાનનું ભવ્ય સ્વાગત સામૈયા થાશે તેમજ રૂડા મંડપના માંડવડા રોપાશે ચુંદડી છાબ અને રૂડા લગ્ન ગીત સાથે હસ્તમેળાપ સહિત ધાર્મિક કાર્યક્રમો ભોજન પ્રસાદ સાથે ભવ્ય રીતના ઉજવાશે.. આ શુભ તુલસી વિવાહના આયોજનને લઈ પંડયા પરિવાર, પાઠક પરિવાર, અને જોશી પરિવારમાં અનેરો ઉમંગ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### રાજ્ય સરકારનાં સર્વે કરવાનો નિર્ણય યોગ્ય નથી

## રાજુલાનાં ૭૨ ગામનાં સરપંચ સહિતના આગેવાનોએ ડિજિટલ સર્વેનો કર્યો બહિષ્કાર

### યુધ્ધનાં ધોરણે રાહત પેકેજ આપવા માંગ

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં દર વર્ષે વાવાઝોડા, કમોસમી વરસાદ તથા ભારે વરસાદના કારણે ખેડૂતોને યેનકેનપ્રકારે નુકશાન સહન કરવાનો વખત આવે છે. ત્યારે સરકાર દ્વારા સર્વેનાં નામે સમયસર સહાય મળતી ના હોય. જેના કારણે ખેડૂતોને ભારે નુકશાન સહન કરવાનો વખત આવે છે.

ત્યારે તાજેતરમાં અમરેલી જિલ્લાના રાજુલા– જાફરાબાદ પંથકમાં કમોસમી વરસાદથી થયેલા નુકસાન બાદ, ૭૨ જેટલાં ગામના ખેડૂતો તથા સરપંચોએ ડિજિટલ સર્વેની કામગીરી સામે વિરોધ નોંધાવ્યો છે. સરપંચોએ સરકાર પાસે ખેડૂતોને સીધી સહાય આપવાની માંગ કરી છે. અને ડિજિટલ સર્વેનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

અમરેલી જિલ્લાના અનેક વિસ્તારમાં ભારે કમોસમી વરસાદને કારણે ખેડૂતોને વ્યાપક નુકસાન થયું છે. રાજય સરકારે મંત્રીઓને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સમીક્ષા કરવા અને રિપોર્ટ આપવા સૂચના આપી હતી. ત્યારબાદ, રાજય સરકારે સહાય માટે ડિજિટલ સર્વે કરવાની સૂચના આપી હતી, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ચોતરફ વિરોધ વધ્યો છે. રાજુલા તાલુકા સરપંચની ટીમ એકત્ર થઈ હતી અને ૭૨ ગામના સરપંચોએ ડિજિટલ સર્વેની કામગીરી ન થવા દેવાનો સર્વસંમતિથી નિર્ણય કર્યો હતો.

સરપંચોનો આક્ષેપ છે કે ડિજિટલ સર્વેના કારણે અનેક ખેડૂતો સહાયથી વંચિત રહી જાય છે. આ મામલે તાલુકા સરપંચ એસોસિએશન સહિતના સરપંચો દ્વારા તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી છે.

રાજુલા તાલુકાના વડલી ગામના સરપંચએ જણાવ્યું હતું કે, ગત મે મહિનામાં બાજરી, ડુંગળી અને તલના પાક માટે સર્વે થયો હતો, જેમાં આધારકાર્ડ કે



બેંકના દસ્તાવેજો લેવામાં આવ્યા ન હતા. તેમણે ઉમેર્યું કે, ગત ૧૬ જૂનના રોજ નદીના પાણીથી જમીનનું ધોવાણ થયું હતું, જેનું સર્વે થયું નથી. હાલમાં બાજરી, તલ, સોયાબીન અને મગફળીના પાકમાં ૧૦૦ ટકા નુકસાન થયું છે. તેમણે સરકારને સીધી સહાય આપવા અથવા ખેડૂતોના બેંક લેણાં માફ કરવાની માંગ કરી છે.

પૂર્વ સરપંચએ જણાવ્યું હતું કે, છેલ્લા ૭ દિવસ પુષ્કળ વરસાદ પડયો છે, રાજુલાનું કોઈ એવું ગામડું એવું નથી. કે જયાં વરસાદ નહોતો. ડિજિટલ સર્વેનો ના પાડવા પાછળનું કારણ એ છે. કોઈ મોટુ ગામ હોય કોઈ સંજોગોમાં ખેડૂત બહાર ગયો હોય અને આજે કરીશું કાલ કરીશું જેના કારણે સરપંચો સામે આક્ષેપ થાય છે. સરકારના ધારાસભ્ય–મંત્રીઓ ફર્યા છે, સરકારને ખબર છે, ૪ થી ૫ જિલ્લામાં વરસાદ પડયો છે. તો સર્વે કરવાનું કારણ શુ છે? સરકારને તેઓએ વિનંતી કરી છે કે, ખેડૂતોને સિધ્ધ સહાય આપે. અગાઉ અનેક વખત ડિજિટલ સર્વે થયા જ છે, કોના ખેતરમાં ડુંગળી છે, કોના ખેતરમાં મગફળી છે, સરકારને ખબર જ છે.

મોટી ખેરાળી ગામના સરપંચએ જણાવ્યું કે, અતિવૃષ્ટિમાં ૧૦૦% નુકસાન છે. તો સર્વે કરવાથી કંઈ થાય નહીં. કપાસ, ડુંગળી, મગફળી, માલઢોરનો ઘાસચારો સહિત તમામ જણસીને નુકસાન છે. ખેતરે જવાના રસ્તા નથી સરકારને ખબર છે. તેથી તાત્કાલિક રાહત પેકેજ જાહેર કરે અને દરેક ખેડૂતોને લાભ મળે તે માટે મારી એક સરપંચ તરીકે માંગ છે.

## ચલાલા : ગાયત્રી પરિવાર દ્વારા દેહદાન સ્વીકારી શાંતાબા મેડીકલ કોલેજને મોકલાયું

ચલાલા, તા. ૩૧

ગાયત્રી સંસ્કાર કેન્દ્રના વડા સંત ડો. રતિદાદા દ્વારા વિવિધ સેવાઓના ભાગરૂપે આજુબાજુના ગામમાં ગાયત્રી પ્રાર્થના, દીપ યજ્ઞ, યજ્ઞ, કેમ્પો વગેરે કરવામાં આવે છે. જેમાં ધારગણીના સેવાભાવી (આજીવન પક્ષીની ચણની સેવા) આપનાર સ્વઃ હસમુખભાઈ લવજીભાઈ ગજેરાના ધર્મપત્ની મંજુલાબેન હસમુખભાઈ ગજેરા તેમજ વિવિધ આગેવાનોએ દેહદાનનો સંકલ્પ લીધેલ હતો અને ગાયત્રી પરિવારનું સંકલ્પ પત્ર ભર્યું હતું.



જેમાં આજરોજ તા. ૨૯/૧૦/૨૫ બુધવારે સ્વ. મંજુલાબેન હસમુખભાઈ ગજેરા (પટેલ)નું અવસાન થતા તેના પુત્રો અશ્વિનભાઈ ગજેરા, વિજયભાઈ ગજેરા દ્વારા જાણ કરાતા તુરંત પુ.સંત ડો.રતિદાદા તેમજ ધારગણી ગાયત્રી પરિવારના સભ્યો નટુભાઈ મિસ્ત્રી તથા બાલુબાપા તથા ભરતભાઈ મહેતા દ્વારા દેહદાન સ્વીકારી અમરેલી શાંતાબા મેડીકલ કોલેજની એમ્બ્યુલન્સ દ્વારા દેહદાન અમરેલી મેડીકલ કોલેજમાં બાળકોના મેડીકલ અભ્યાસ માટે મોકલાયું હતું.

ગજેરા પરિવારે ખુબ મહત્વનો નિર્ણય લઈ ‘દેહદાન મહાદાન’ ના સૂત્રને સાર્થક કર્યું હતું અને અશ્વિનભાઈ ગજેરા તથા બહેનો– દીકરીઓ પણ તેના દાદી મંજુલાબેનને કાંધ આપી નવી રાહ સિંધી હતી. ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, હરેશભાઈ (બ્લડ બેંક), શાંતાબા હોસ્પિટલના દિનેશભાઈ કાપડિયાએ વ્યવસ્થામાં સહકાર આપેલ હતો.

### નાવલી પોલીસ ચોકીથી ભુવા રોડની સુંદર કામગીરી

## સાવરકુંડલા શહેરમાં નવા બનેલા માર્ગો આશીર્વાદરૂપ

### નવા સીસી રોડથી વિઘ્નસંતોષીઓનાં પેટમાં તેલ રેડાયું

સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા શહેરમાં નાવલી પોલીસ ચોકીથી ભુવા રોડસુધી બનતા નવા સીસીરોડ વખતે સાવરકુંડલાના હાર્દસમા વિસ્તારો ગણાતા ટાવર રોડના વેપારીઓને ખાસ અગવડતાઓ ન પડે ને કામગીરીઓ પણ નમૂનારૂપ થાય તે માટે આર.એન્ડ બી.વિભાગના અધિકારીઓ સાથે વેપારીઓ સહયોગમાં રહીને દિવાળીના તહેવારોમાં વેપારીઓને વેપાર ધંધામાં નુકશાની ન થાય તેની ખાસ કાળજી રાખીને યુદ્ધના ધોરણે બન્ને તરફના માર્ગોની કામગીરીઓ શરૂ કરીને દીવાળી સમયે વેપાર ધંધાઓ થઈ શકે તે માટે બન્ને તરફ રસ્તાઓ ખુલ્લા કરાવી નાખ્યા વેપારીઓએ રોડના કોન્ટ્રાક્ટર સાથે સત્તાધીશ ભાજપના પદાધિકારીઓને અંતરના આશીર્વાદ આપ્યા હતા ત્યારે અમુક વિધાનસંતોષી લોકો આ નવા નકોર બનેલા માર્ગમાં હવનમાં હાડકા નાખતા હોય તેવા ઉંદરકામા કરી રહ્યા છે જયારે ઘણા વર્ષો બાદ બનેલા આ માર્ગથી શહેરીજનોમાં હર્ષની લાગણીઓ છે તો ધારાસભ્ય મહેશ કસવાળાની કુનેહપૂર્વકની વિકાસની વણથંભી વણઝાર રિવરફ્રન્ટ, નવા માર્ગો, નર્મદાનું પાણી ડેમમાં ઠાલવવાના ભગીરથ પ્રયાસો સોનામાં સુગંધ સમાનના ગણી શકાય તેમાં કોઈ બેમત નથી.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

અમરેલીમાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણ માટે વિશ્વસનીય સ્થળ
એલઈડી ટીવી, ફ્રીજ, વોશીંગ મશીન, એસી, ઘરઘંટી વિગેરે તદ્દન વ્યાજબી ભાવથી ખરીદવા માટે અને લાઈવ ડેમો જોવા માટે આજે જ પધારો...
LG Haier IFB LLOYD Panasonic DAIKIN HITACHI BLUE STAR SANSUI acer TCL VU Whirlpool BOSCH vivo MITSUBISHI MILCENT ANANDI OPPO
શિવ ઈલેક્ટ્રોનિક્સ
જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક સામે, અમરેલી ૯૮૯૮૩ ૨૩૩૫૨

# વરસમાં એક દિવસ જ દિવાળી કેમ બધાં દિવસ કેમ નહિ

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

શીર્ષક સારૂ, આવકારદાયક વિચારવા લાયક, અપનાવવા લાયક લાગશે. પણ વાંચી લીધા પછી ખંખેરીને છાપુ મૂકી દઈશું. મનમાં વિચારવંટોળ જાગે એવું તે હોતુ હશે. આ લખવાવાળાને તો બસ લખવાનું જ હોય. કેઈ ૩૬૫ દિવસ દિવાળી થોડી હોય ? કોઈ કામધંધો હોય કે નહિ ? આવું અગડમબગડમ વિચારતા કામમાં લાગી જશે ને દિવાળીની વાત વિસારે પડી જશે ?

પણ આ વાત સમજવા જેવી છે. દિવાળીનું પર્વ માત્ર દિવડાં પ્રગટાવવા, ઘરની સફાઈ કરવી. ફટાકડાં ફોડવા, પ્રવાસમાં ઊપડી જવું. મેવા મીઠાઈ બનાવી કે બહારથી લાવી ખાવા સારા નવાં કપડાં પહેરવા જ દિવાળી હો તો બહુ સારૂ થાત. પણ એનાથી વિશેષ દિવાળીનું મહત્વ છે. જૈન ધર્મમાં પર્યુષણનું પર્વ આવે છે. તેની ઉજવણીએ સૌને ''મિચ્છામી દુડકમ'' કહે છે. શા માટે ? વર્ષ દરમિયાન જે કોઈ સાચું–ખોટું, ગુરૂજનો મને માફ કરજો. આવો એનો અર્થ છે. તો દિવાળીનો પણ ભાવ અર્થ એવો જ છે. વર્ષે દહાડે જે કોઈ આપણાથી મનદુઃખ થયું હોય. પાપકર્મ થયું હોય, અણબનાવ બન્યો હોય તો તે દિવસે બે હાથ જોડી માફી માગવાની છે. બધું ભૂલીને નવેસરથી વર્ષનો પ્રારંભ કરવાનો છે.

આવું જ કોઈક આપણાં વરિષ્ઠ, લેખક, વિચારક, સાહિત્યકાર ડો. શ્રી પ્રવિણ દરજી કહે છે. આવો એમના વિચારોને સમજવાનો પ્રયત્ન કરીએ.

દિવાળી તો દર વર્ષના અંતમાં આવે છે. પસાર પણ થઈ જાય છે. વળી એક વધુ દિવાળી. આ ચક્ર તો ચાલ્યા જ કરવાનું છે. દિવાળી પર દિવાળી. પણ હવે તે આવે છે ત્યારે અને ચાલી જાય છે ત્યારે પણ તેના અણસાર કંઈક જુદા હોય છે. ત્યાં ઉત્સવના નિર્દોષ આનંદને બદલે વધુ તો હિસાબકિતાબ ચૂકતે કરવાની વાત છે. વ્હોટ્સએપ પર, મેસેજ પર, ફોન પર શુભેચ્છાઓનું આદાનપ્રદાન તો થાય છે, પણ ત્યાં હૃદયનો રણકો નથી. હાથની અંદર પકડી રાખેલી યાદી પ્રમાણે ત્યાં નામ પ્રમાણે શુભેચ્છાઓ પાઠવી એક 'કામ પત્યું'નો હાશકારો હોય છે. હવે તમે 'શી વાનગી બનાવી ?' કે 'અમે શું બનાવીશું ?' તેની વાત નથી, પણ બજારમાંથી, મોલ વગેરેમાંથી તમે શુંશું લાવ્યા કે લાવનાર છો તેની વાત છે. ઘરની સાફસૂફી તો થાય છે, પણ દિવાળી આવી છે માટે તે કરી રહ્યા છીએ તેવો અંદરનો હિલ્લોળ નથી. 'દિવાળી પછી પણ કશું બાકી હશે તો ક્યાં નથી થવાનું ?' તેવી અંદરની વૃત્તિ પ્રબળ થતી જાય છે. દિવાળી પર આ કે તે સ્વજન આવશે, મળીશું, હૃદય હળવાં કરીશું, બાળકોને પણ આનંદ આનંદ થઈ જશે તેવું સંબંધોનું મૃદુ મધુર વિ હવે ગઈકાલની વાત બની ગયું છે. તેના બદલે દિવાળીના દિવસોમાં કયાંક પ્રવાસ પર જઈ આવીએ તેથી કોઈના આવવા–જવાની ''પબાલ' જ ન રહે. હવે સ્વજનો આપ્તજન 'બબાલ' બનતાં જાય છે. દિવાળીના દિવ્સોમાં ઘરે ભાતભાતનાં ભોજન બનાવી 'જમવું જમાડવું'નો ભીતરી ઉત્સાહ હતો તેના બદલે હોટલમાં જઈ જમી આવવાનું પ્લાનિંગ થાય છે. તે માટે આગોતરાં બુકિંગ પણ કરી લેવામાં આવે છે. રોશની થાય છે, ફટાકડા ફૂટે છે, વાનગીઓ જમાય છે એ બધું જ ખરૂ છતાં દિવાળી પણ હવે 'ઉત્સવ' મટી એક 'વિધિ' બની ગઈ છે. દિવાળી આવે છે, જાય છે અને પાછા આપણે આપણા કામે ચડી જઈએ છીએ. એ જ રગશિયું ગાડું, એ જ જૂના પુરાણા વિચારો, એ જ આપણી ખંધી ગણતરીઓ, એ જ પાછો તગડો થયેલો અહમ, એ જ પાછું બેંક–બલેન્સ વધારવાનું નિષિદ્ધ માર્ગોએ અભિયાન. દિવાળી તો આવી ને અરે, ગઈ પણ ખરી. શું બદલાયું ? કેલેન્ડર બદલાયું. તારીખ, વાર, દિવસ, તિથિ બદલાયાં. આપણા ખ્યાલો તો એવા જ કૃપણ રહ્યા. એવી જ દીવાલો હતી ત્યાં ને ત્યાં જ ઊભી રહી. એ જ પેલી નકારાત્મકતા, એ જ પેલું ચાતુરીમાં ખપી જતું બદમાશી વલણ. એ જ ચડસાચડસી, હુંસાતુંસી, એ જ અન્યથી



આગળ નીકળી જવાની આપણી મેલી મુરાદો..

ક્યાં છીએ આપણે ? દિવાળી જેવા મહોત્સવથી કશો ભીતરી બદલાવ આવ્યો જ નહીં ? પેલી પરસ્પરને પાઠવેલી શુભેચ્છાઓનું શું ? પેલા મસેજનું શું ? વ્હોટ્સએપ પરની શબ્દાવલિઓનું શું? ફોન પર હસીહસીને અભિનંદનો પાઠવેલાં એનું શું ? નવા સંકલ્પો મનમાં રચ્યા હોય તો એ કયાં ગયા ? આપણે તો હતા ત્યાંને ત્યાં જ રહ્યા ! કશો કંપ જાગ્યો જ નહીં. જાગ્યો હોય તો ટક્યો જ નહીં ! શું થયું છે આપણને ?

ચાલો, આપણે બીજાના હિસાબકિતાબ ચૂકતે કરતાં પહેલાં કમ–સે–કમ આપણો હિસાબકિતાબ સમજી લઈએ હું ખરેખર માણસ રહેવા ઈચ્છું છું? જો ઈચ્છું છું તો મારે શું કરવું જોઈએ તેનો વિચાર કરી લેવો જોઈએ. હું જે ધર્મને પાળું છું એ ધર્મ તો મનુષ્ય મનુષ્ય વચ્ચે, જાતિ, ધર્મ–રંગના ભેદભાવ વિના એક કડી બનીને જીવવાનું કહે છે તો તેમ હું કરીશ ખરો ? પેલું, માણસ થઈ રહેવાનું ત્યાંથી જ શરૂ થાય છે.

અને હા, હું પ્રામાણિકપણે, નીતિથી જીવવા જ જન્મ્યો છું અને એ રીતે જ જીવવું જોઈએ એ સમજતો હોઉં તો હવે મંદિરે જઈ ઈર પાસે કશું માગું નહીં. આપણી ભીખારી કેવી રીતે બની શકીએ ? આપણે તો ઈરનું સંતાન છીએ, તેનો ઉજ્જ્વલ અંશ છીએ. એટલે મંદિરમાં જઈએ કે પૂજાપાઠ કરતા હોઈએ તો આપણી પ્રાર્થના એવી હોવી જોઈએ કે પ્રભુ, તું મને અનીતિ–અન્યાયના માર્ગેથી પાછો વાળ. અથવા તો તેવા માર્ગોથી હંમેશાં દૂર રાખ. હું તારો જ અંશ છું તો પછી હું તારાં પુત્ર–પુત્રી તરીકે મિથ્યા અભિમાન કે અહમ કેવી રીતે કરી શકું ? અને એવો દુર્ગુણ હોય તો તું મને સીધે રસ્તે લાવી દુર્ગુણમાંથી મુકત કર. અને હા, લપસણા માર્ગો તો ઠેર ઠેર છે, ટીકાકારો પણ છે. ખોટા સાચા પ્રશંસકો પણ છે. છતાં ગિરિધર! તું મારા પ્રભુ કરતાં મિત્ર વધુ છે તેથી મિત્ર તરીકે સાચેસાચ જે હોય તે જ પંથ મને બતાવજે. હું કેવી રીતે નાનો કે મોટો, ઉપર કે નીચે હોઈ શકું? હું માત્ર હું જ હોઉં તારૂ લાડલું સંતાન. બસ, એમાં જ બધું આવી જાય. તારૂ સંતાન કે તારો મિત્ર હોઉં એટલે પ્રેમ જ અમૃત, પ્રેમ જ જીવન, પ્રેમ જ માર્ગ, પ્રેમ જ ધ્યેય, ત્યાં જ નિષ્ઠા, ત્યાં જ શરણ. ન કોઈનો તિરસ્કાર કે ન કોઈની અવહેલના. ન કોઈનાં ખૂંદણાં કે ન કોઈની ઈર્ષ્યા. માત્ર પ્રેમપ્રકાશ, માત્ર અંદર બહાર અજવાળું. અમાસના ઘોર અંધકારને નાનાં નાનાં કોડિયાંનો પ્રકાશ પ્રકાશમાં પરિવર્તિત કરી રહે છે. આપણી ભીતર પણ એવા પ્રકાશનું કોડિયું સદા જલતું રાખવાનું છે. જો એ જલતું રહ્યું તો આઠે પહોર દિવાળી, સદાકાળ દિવાળી. તમે અને જગત સર્વ 'વન્ડરફુલ' બની રહેશે. માત્ર જાણવું એટલું મહત્વનું નથી, 'સમજવું' એ અગત્યનું છે. ચાલો, એવી સમજણને વિસ્તારીને, 'હું'માંથી 'અમે'ના છેડે આવીને ઊભા રહીશું એટલે માનવ હોવું કે માનવીય સંબંધો શું છે તેનું સૌંદર્ય નજર સામે આવીને રહેશે. 'માફ કરી દેવું,' 'ભૂલી જવું' જેવા શબ્દોને પામી લઈશું તો શાંતિના, ઉત્સાહ ઊર્જાના અનેક માર્ગો ખૂલી રહેશે. પછી અમુકતમુક દિવસ નહીં, કેલેન્ડરના બધા જ દિવસો દિવાળી થઈ જશે.

હા, બધા જ દિવસો દિવાળી થઈ શકે છે માત્ર આપણે ઈચ્છવાનું છે. યાદ રાખો કે સંકલ્પોની જરૂર નથી, યાદ રાખો કે વ્રત કે પ્રતિજ્ઞા લેવાનાં નથી. માત્ર ઈચ્છવાનું છે. ઈરની અણમોલ ભેટ એવા જીવનને અણમોલ ભેટ આપણે પુરવાર કરવાની છે. ભલે તે આપણો હિસાબકિતાબ માગતો નથી, પણ સ્મરણમાં રહે કે તેની નજર તો નિત્ય આપણા ઉપર જ રહે છે. તેતક આપે છે, આનંદનાં નિમિત્ત પૂરાં પાડે છે, તે સુંદર, શુભ અકસ્માતો પણ જીવનમાં સર્જી રહે છે. બધી વેળા આપણી કેવી પ્રતિક્રિયાઓ રહી હોય છે તેના ઉપરથી તે આપણને માપી લેતો હોય છે. દિવાળી જેવા ઉત્સવો આપણા મૂળને ઝંઝેળી રહેનારા છે. આપણે તેની સરળ–સહજ ક્ષણે પણ અતડા રહીશું? માત્ર બોલ્યા કરીશું? અરે, ભેગા મળીએ તો વાર્તા–વાર્તાલાપ થાય. ઉજવણી એકલાથી નહી, બે કે તેથી વધુ જણ હોય તો થાય. આપણે સફળતાની ક્ષણનો શું એકલા એકલા આનંદ લૂંટીશું? અરે ના. ભેગા મળીશું તો આનંદ અધિકો બનીને 'ઉત્સવ'માં પરિણમશે. અને હા, હસવાની ક્ષણો પણ આવા મંગલ દિવસોમાં કેટલી બધી આવે છે ? પણ એકલા એકલા જ મરકમરક કરીશું કે પછી ભેગા મળીને ખડખડાટ હસીશું ? ખડખડાટ હસવું એટલે બધી આપદા કોરાણે મૂકીને મનને, શરીરને, અડચણોને વહી જવા દેવાનાં હોય છે. આપણે ત્યારે મનુષ્ય તરીકે પમરતા જતા હોઈએ છીએ. ઈરે આવું એક પર્વ આપ્યું છે તો ભીતરથી નૃત્ય કર્યા કરીએ. નૃત્ય કરતાં કરતાં આત્માની પવિત્રતાને, તેના તેજસ્વી અંશને ઓળખતા જઈએ. આપણે કશે પછી આપણી ઓળખ આપવી પડશે નહીં. આપણો બાયોડેટા પણ નહીં આપવો પડે. આપણું પાવન આત્મતવ જ ત્યાં એની રીતે સ્વયં પ્રગટ થઈ રહેશે. હા, મૃત્યુ પૂર્વે આપણે આ બધું અવશ્ય કરી જવું છે. પ્રકૃતિ સાથે, મનુષ્ય સાથે, ઈર સાથે ગાવું છે, ખાવું છે, નાચવું છે, સંવાદ કરવો છે. તાજાં તાજાં રહેવું છે, જગતને અનુભવું છે. સકારાત્મક વિચારોનું એક વિ રચી જવું છે. બસ, થોડુંક વલણ બદલવાનું છે. અને આ દિવાળી વલણ બદલવાનું તો પર્વ છે!

**સાભાર : જનકલ્યાણ**

# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## ઢીંચણના – દુખાવાની કસરતો

ભૂલાયેલો ફેમિલી ડોકટર

સ્વ.ભારતી સુહદ શેઠ

: લેખકશ્રી :


ડો.સુહદ બી.શેઠ




(૧) પગને ઢીંચણમાંથી સીધો રાખી બેસવું અથવા સૂઈ જવું. પગને ઢીંચણમાંથી નીચે રાખેલ તકિયાને જોરથી દબાવવો અને ઢીલો કરવો. ત્યારબાદ ઢીંચણ નીચે જગ્યા ન રહે તે રીતે ઢીંચણને સીધો રાખવા પ્રયત્ન કરવો.



(૨) પગને ઢીંચણમાંથી સીધા રાખી દુખતો પગ થાપામાંથી ઊંચો કરવો



(૩) ટેબલ પર ઢીંચણ સુધી પગ રાખી બેસવું, દુખતો પગ ઢીંચણમાંથી ધીમે ધીમે ઉપર લાવી સીધો કરવો તે જ ક્રમમાં નીચે લઈ



જવો.

(૪) પેટ ઉપર સૂઈને પગને ઢીંચણમાંથી થાપાને પગની પાની



અડકે ત્યાં સુધી વાળવો.

(૫) પેટ ઉપર સૂઈને એકબીજા સાથે ક્રોસ કરી ઉપરના પગને નીચેની તરફ અને નીચેના પગને



ઉપરની તરફ અવરોધી ઢીંચણનું હલનચલન કરો. ફરી પગ બદલવો અને ફરી એવી કસરત કરો. (૬) પગ ઉપર એક કિલોથી ત્રણ કિલો વજનવાળી રેતીની થેલી મૂકી પગ શકય તેટલો થાપામાંથી ઊંચો કરવો. (ઢીંચણ સીધો રાખવો જરૂરી છે.)

## બચત શા માટે ?

બચત શું છે ?

બચતને સમજવા માટે નીચેનો અભિગમ ઠીક રહેશે :

બચત આવક – ખર્ચ

ખર્ચ આવક – બચત

કંઈપણ ખર્ચ કરતા પહેલા તમારે તમારી આવકનો એક હિસ્સો અલગ મુકવો જોઈએ.

બચત કયાં કરવી ?

બચત કરતી વખતે દરેકે જે સૌથી અગત્યની ત્રણ હકીકતો ધ્યાનમાં રાખવાની છે તે છે, સલામતી, તરલતા અને વળતર.

કોઈ ચોક્કસ સંપત્તિમાંથી રોકાણ અથવા મુદ્લ રકમ પર ખાતરીપૂર્વક ચોક્કસ વળતર કઈ રીતે મળે છે તેની પર સલામતી નિર્ભર રહેશે. સેથી સલામત છે સરકારી બોન્ડ. બેંક થાપણો પણ સરખામણીમાં સુરક્ષિત ગણાય છે.

તરલતાનો આધાર સંપતિ ને કેવી રીતે તેના મૂલ્યમાં ઓછામાં ઓછા નુકશાન સાથે સહેલાઈથી વેચી શકાય તેની પર છે. બેંક થાપણો, સૂચીબદ્ધ અને સોદા થાય છે તે ઈક્વિટી શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડ્સ સરખામણીમાં વધુ તરલ ગણાય છે.

વળતરનો આધાર



નાણાંકીય ઉત્પાદનાં પ્રકાર પર તથા તે ઉત્પાદ કેટલું જોખમ વહન કરે છે તેની પર નિર્ભર છે.

ઈક્વિટી શેર તમને વધુ વળતર આપી શકે છે પરંતુ તેમાં નુકશાનનું વધુ જોખમ પણ છે.

બચત કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ

ખાતરી કરો કે તમારી બચતને વૈવિધ્યસભર સાધનોમાં રોકવામાં આવે છે.

થોડોક હિસ્સો તરલ સંપતિમાં રોકવો જોઈએ જેથી જરૂર પડે ત્યારે તમે પૈસા ઉપાડી શકો.

તમારા નાણાં ખુબ જ જોખમી /અનિયંત્રિત સાધનોમાં રોકશો નહિ, તમે બધું જ ગુમાવી શકો છો.!!!



બાલમિત્રો,

દિવાળીની રજાઓ પુરી થવામાં છે. બરાબર પાંચ દિવસ પછી શાળા ખુલશે. બાલમિત્રો તમે જાણો છો દિવાળીને દિવસે, ધનતેરસને દિવસે લક્ષ્મી પુજન શા માટે થાય છે ? નાના મોટા દરેક વેપારી ધનતેરસે લક્ષ્મીપુજન ધનની પૂજા કરશે. દિવાળીએ હિસાબના નવા ચોપડામાં શ્રી સ્વા કરી શરૂઆત કરશે. અને વેપારી જોશે કે ગયા વર્ષે વેપારમાં નફો થયો કે ખોટ ગઈ. જે થયું હોય તે પણ નવા વર્ષથી ધંધો એવો કરશે કે ઓટ નફામાં ફેરવાઈ જશે. બસ આપણે પણ એમ જ કરવાનું છે. ગયું વર્ષ ભણવામાં નબળું રહ્યું હોય, માર્કસ ન આવ્યો હોય તો હવે પછીનાં સમયમાં વધુ મહેનત કરી સફળ થઈશ આવી પ્રતિજ્ઞા લેવી જોઈએ. પછી જુઓ દિવાળીનું ફળ મળે છે કે નહિ ?

નિશાળ ખૂલે ત્યારે માતાપિતા તથા મા સરસ્વતીને પગે લાગી નિર્ણય કરજો કે આખું વર્ષ ધ્યાનથી ભણીશ. પહેલો નંબર લાવીશ. બાલમિત્રો આને કહેવાય દિવાળીનું ફળ.

બીજું ગઈ કાલે કયો દિવસ હતો ? આપણાં સૌના લાડીલા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ હતી. તમે એમના જેવા બનો એવી નૂતન વર્ષે બાલમિત્રો હાર્દિક શુભકામના નૂતન વર્ષાભિનંદન.



## શિયાળભાઈ ! બોર પાકયાં

એક હતી ડોશી.

એના ફળિયામાં એક બોરડી હતી.

બોરડીએ બોર આવ્યાં, ડાળે ડાળે અને પાંદડે પાંદડે બોર.

ડોશીએ ધાર્યુઃ 'આ બોર પાકશે ને આ બોર ખાઈશ. ખાવાની કાંઈ મજા પડશે !'

ડોશી રોજ સવારે ઊઠે ને પાકેલાં બોરની વાટ જુએ.

ડોશી કહે : 'કાલે થોડાંક બોર પાકી જશે ને કાલે બોર ખવાશે.'

બીજે દિવસે ડોશી વારે ઊઠીને જુએ તો પાકાં બોર વિનાની બોરડી. ઉપર એકેય પાકુ બોર ન મળ, હેઠે નકરા ઠળિયા જ ઠળિયા, ને કોઈ જયાં ત્યાં હગાર કરી ગયેલું. ડોશી તો રોજ સવારે ઊઠે ને પાકાં બોર લેવા જાય ત્યાં બોરને બદલે ઠળિયા જ હોય !

ડોશી તો કહે : 'આજ તો રાત આખી જાગું ને ખાનારને પકડું.'

પછી ડોશી તો ઓશરીમાં લપાઈને ચોકી ભરવા બેઠાં.

અંધારૂ થયું ને શિયાળભાઈ હળુ હળુ આવ્યા. ચોર જેમ ઉપર ચડયા ને પાકાં પાકાં બોર વીણી વીણીને મોઢામાં મૂકવા માંડયા. સવાર પડી ત્યાં તો બધાંયે પાકાં બોર ખવાઈ ગયાં ને હેઠે ઠળિયા ઠળિયા થઈ ગયા. જતાં જતાં

**બાલ કથાઓ**

ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)



શિયાળભાઈએ ડોશીના બારણામાં હગાર કરીને પછી ભાગી ગયા.

ડોશી કહે : 'હવે વાત છે. કાલે એની ખબર લઉં !'

બીજી સાંજ પડી ખૂબ અંધારૂ થયું એટલે ભાઈબંધ બોર ખાવા આવ્યા. ખૂબખૂબ બોર ખાધાં, એકે પાકું બોર રહેવા ન દીધું. પછી હેઠે ઊતરીને ડોશીના બારણામાં હગાર કરવા ચાલ્યા.

ડોશીએ તો તૈયાર કરી જ રાખ્યું હતું. એક લોઢી લાલચોળ તપાવીને તૈયાર રાખી હતી.

શિયાળભાઈ કહે : 'આજ તો આ સોનાના પાટલા ઉપર જ બેસવા દે ! ડોશી બહાર ભૂલી ગઈ લાગે છે.'

શિયાળભાઈ તો સટસટ લોઢી પાસે ગયાને ઝટ દઈને હગાર કરવા બેઠા. ત્યાં તો ચડચડ કરતા દાઝયા ને 'કૂઈ, કૂઈ, કૂઈ !' કરતા ભાગ્યા !

ડોશી કહે : 'આવો આવો, શિયાળભાઈ ! બોર પાકયાં છે, બોર પાકયાં છે !'

શિયાળ કહે : 'ના ના. ડોશીમા ! દાઝી મૂઆ રે ! દાઝી મૂઆ રે !'

ડોશી કહે : 'આવો આવો, શિયાળભાઈ ! બોર પાક્યાંછે, બોર પાક્યાં છે !'

શિયાળ કહે : 'ના ના. ડોશીમા ! દાઝી મૂઆ રે ! દાઝી મૂઆ રે !'

# કાકા કાલેલકર

ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

**લંગડાતો દત્તોબા**

યરવડામાં મેં પ્રવેશ કર્યો અને જોયું કે બાપુજીની સેવા માટે સામાન્ય કેદીઓમાંથી દત્તોબા કરીને એક મહારાષ્ટ્રી બ્રાહ્મણને રસોઇયા તરીકે રાખેલો છે. બાપડાના હાથપગમાં સંધિવા હતો. લંગડાતો લંગડાતો ચાલે. બોલે ઓછું, પણ ચીંધેલું કામ બરાબર કરે. બાપુજી માટે નાહવાનું પાણી ગરમ કરવું, એમનાં કપડાં ધોઈ આપવાં, દૂધ ગરમ કરવું અને એવું જ બીજું કામ એને સોંપવામાં આવેલું.

એને લંગડાતો જોઈ બાપુજીએ મારી મારફતે એની બધી હકીકત જાણી લીધી. બીજે દિવસે સવારે એમણે સુપરિન્ટેન્ડેન્ટ મેજર માર્ટિન સાથે વાત કરી અને કહ્યું કે, ''એના પર નૈસર્ગિક ઉપચાર અજમાવવા માગું છું. તમારી રજા છે ?'' જેલના ડોકટરે એને છ એક મહિના દવાઓ આપી જોઈ હતી. એમાંથી કશો લાભ થયેલો નહીં.', મેજર માર્ટિને કહ્યું, ''અમારો વાંધો નથી. તમે તમારો ઈલાજ અજમાવો.'' બાપુજીએ કહ્યું, ''એને થોડા દિવસ અપવાસ કરાવીશ. પછી એને અમુક ખોરાક આપીશ. મારા ખોરાકમાંથી જ જરૂરી વસ્તુ એને આપીશ.'' પોતાના જીવનમાં આટલો રસ લેનાર કોઈ દત્તોબાને મળ્યું નહોતું. એ રાજી થયો એથીયે વધારે તો આશ્ચર્યચકિત થયો. બાપુજી રોજ એને બોલાવે, તબિયતની વિગતો જાણી લે, ખોરાકમાં જરૂરી ફેરફાર કરે. થોડા જ દિવસમાં એની તબિયત સુધરવા માંડી અને આખરે જે માણસ ઘણા કષ્ટથી લંગડાતો ચાલતો હતો તે તદ્દન સાજો થઈ દોડવા માંડયો. પછી તો એ વિશેષ નિષ્ઠાથી બાપુજીની સેવા કરવા લાગ્યો એમાં આશ્ચર્ય શું ?

આ દત્તોબા પ્રકરણ પૂરૂં કરવા માટે પછીની કેટલીક વિગતો અહીં જ ઉમેરી દઉં. હું છૂટયો, બાપુજી છૂટયા, પછી દત્તોબા પણ પોતાની સજા પૂરી કરી છૂટયો. ઘણા દિવસ પછી, બાપુજી જયારે મુંબઈમાં મણિ ભવનમાં હતા અને હું એમને મળવા ગયો હતો ત્યારે એક દિવસ અચાનક દત્તોબા બાપુજીને મળવા આવી ચડયો. હું એને બાપુજી પાસે લઈ ગયો. બાપુજીએ પ્રેમથી પૂછ્યું, ''હાલ શું કરે છે ?'' એણે કહ્યું, ''કોટ તરફ મેં એક નાનકડી ફરાળની (એટલે કે ચા–કાફીની) દુકાન કાઢી છે.'' બાપુજી બહુ કામમાં હતા. એમણે કહ્યું, ''કાલે મળવા આવજે. જરૂર આવજે. આજે વખત નથી.''

''હા'' કહીને એ ગયો, પણ પાછો આવ્યો જ નહીં. બાપુજીએ ઘણો અફસોસ કર્યો. કહેવા લાગ્યા, ''એની દુકાન ચલાવવા માટે મારે એને થોડા પૈસા આપવા હતા. ગરીબ માણસ મજૂરી કરીને પેટ ભરે. બે બે વાર મળવા શી રીતે આવી શકે ? મારે તે જ વખતે એને પૈસા આપી દેવા જોઈતા હતા.''

મેં ઘણો વિચાર કર્યો. પણ મુંબઈ જેવા વિશાળ માનવસાગરમાં દત્તોબાની ભાળ ક્યાંથી કઢાય ?

## ધડાકા જેવો મોટો અવાજ સંભળાતાં આંખ કેમ મીચાઈ જાય છે ?

આપણી આસપાસ ક્યારેક મોટો ફટાકડો ફૂટે કે કોઈ વજનદાર ચીજ પછડાય ત્યારે એનો અવાજ સાંભળતાં જ આપણી આંખ મીંચાઈ જાય છે. એટલે કે આપણી પાંપણ ઝપકી જાય છે. આમ કેમ થતું હશે ખબર છે ? આનું કારણ છે કે કાનનાં પડદા પર આવો કોઈ પણ અવાજ ઝીલાય ત્યારે એ સતત ધ્રૂજે છે. આ ધ્રુજારી કાનની અંદરના હાડકામાં થઈ જ્ઞાનતંતુઓ સુધી પહોંચે છે. વળી, જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સુધી પહોંચે છે. એનો અર્થ કે આ ધ્રુજારી મગજ સુધી પહોંચે ત્યારે મગજ આ ધ્રુજારીને ઓળખી પાડે છે. મગજમાં આખા શરીરની વ્યવસ્થાનું કામ ચાલતું હોય ત્યાં અચાનક જ એ ભયંકર ધ્રુજારીનો આવતાં જ્ઞાનતંતુઓના ફયૂઝ ઊડી જાય છે. તેથી જો જ્ઞાનતંતુઓ પર વધારે પડતી તાણ આવે ત્યારે જ્ઞાનતંતુઓ પોતાના છેડા છૂટા કરી લે છે. જ્ઞાનતંતુના છેડા છૂટા પડી જતાં શરીરના સ્નાયુઓ ઉપરથી કાબૂ જતો રહે છે. આ કારણસર બધા સ્નાયુ ઢીલા પડી જાય છે. અચાનક ધડાકાનો અવાજ કાન પર સંભળાય ત્યારે મગજ સુધી ભયંકર ધ્રુજારી પહોંચે છે. એટલા માટે આંખની પાંપણ તરત જ મીચાઈ જાય છે. **પેપર નેપકિન્સ શેમાંથી બને છે ?** ભોજન સમારંભમાં જમ્યા પછી હાથ લૂછવા માટેના પેપર નેપકિન્સ જાણીતી વસ્તુ છે. પેપર નેપકિન્સ પાણીને ચૂસી લેવાનો ગુણ ધરાવે છે. કપાસના બનેલા કપડાં પાણી ચૂસે તે જાણીતું છે પરંતુ આ કાગળ કેવી રીતે પાણી ચૂસે તે પણ જાણવા જેવું છે. પેપર નેપકિન્સ લાકડા કે વનસ્પતિના સૂક્ષ્મ રેસાના બનેલા હોય છે. આ રેસાને સેલ્યુલોઝ કહે છે. સેલ્યુલોઝ પદાર્થોમાં અણુઓ હારબંધ ગોઠવાયેલા હોય છે અને તે પાણીને આકર્ષવાનો ગુણ ધરાવે છે. એટલે પાણીમાં ઝડપથી ઓગળે છે. ખાંડ પણ આવો જ સેલ્યુલોઝ પદાર્થ છે એટલે તે પાણીમાં ઝડપથી ઓગળે છે. પેપર નેપકિન પાણીના સંપર્કમાં આવે કે તરત જ પાણીમાં ઓગળવા માંડે છે. આપણે તેને પાણી ચૂસી લીધું તેમ કહીએ પરંતુ પાણીનો ઉપયોગ કરીને તેની ઉપલી સપાટી ઓગળીને નરમ બની જતી હોય છે. સામાન્ય હાથ સાફ કરવામાં ઉપયોગી થાય. વધુ પડતું પાણી હોય તો પેપર નેપકિન્સ સાવ ઓગળી જાય. પેપર નેપકિનને વધુ સમય પાણીમાં બોળી રાખો તે તદ્દન ઓગળી જાય.

**નીઓન લેમ્પ રંગીન પ્રકાશ કેવી રીતે આપે છે ?** બજારની રોશનીનું આવરણ એટલે નીઓન લેમ્પ. વાંકી–ચૂકી પાતળી રંગીન ટ્યુબ લાઈટથી બનેલાં અક્ષરોવાળા બોર્ડ તમે જોયા હશે. જાહેરાતો અને ડેકોરેશનમાં ઉપયોગી નીઓન લેમ્પ એક પ્રકારની ટ્યુબલાઈટ છે. ટ્યુબલાઈટમાં મરક્યુરી ગેસથી સફેદ પ્રકાશ ઉત્પન્ન થાય છે પરંતુ રંગીન ટ્યુબલાઈટમાં નીઓન અને આર્ગન વાયુઓનું મિશ્રણ હોય છે. નીઓન લેમ્પની શોધ ૧૮૯૮માં જયોર્જીસ ક્લાડિ નામના વિજ્ઞાનીએ કરેલી. ૧૯૩૦માં તે લોકપ્રિય થઈ ગયેલા. નીઓન વાયુ ભરેલી ટ્યુબ લાલ પ્રકાશ આપે છે. તે જ રીતે નીઓન સાથે ક્રિસ્ટીન, આર્ગન અને ઝેનોન વાયુઓ ભેળવવાથી જુદા જુદા રંગનો પ્રકાશ મેળવી શકાય છે.

## મર્ક્યુરી નામ કેવી રીતે પડયું

મર્ક્યુરી નામ એક સંદેશાવાહક રોમન દેવતાના નામ પરથી પડયું છે, કારણ કે બુધ ગ્રહ આ દેવતાની જેમ જ આકાશમાં ખૂબ જ ઝડપથી ગમન કરે છે.

– બુધ સૂર્યની સૌથી નજીકનો ગ્રહ છે, જે સૂર્યને ફરતે પોતાનું ચક્કર ૮૮ દિવસમાં જ પૂરૂ કરી દે છે એટલે કે બુધનું એક વર્ષ ૮૮ દિવસનું હોય છે. જોકે, બુધ પર એક દિવસ પૃથ્વીના ૧૭૬ દિવસ જેટલો હોય છે. બુધ પૃથ્વી પછી બીજો સૌથી વધારે ઘનતા ધરાવતો ગ્રહ છે. અહીં ખનિજોનું પ્રમાણ વધારે છે. બુધ ભારે ધાતુઓ અને ચટ્ટાનોની વિશાળ સંરચનાથી બનેલો ગ્રહ છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે બુધની સપાટી પૃથ્વીના ચંદ્રને ખૂબ જ મળતી આવે છે.

– પૃથ્વીની જેમ બુધ ગ્રહની સપાટી નીચે ટેક્ટોનિક પ્લેટ્સ સક્રિય છે, જેને કારણે આ ગ્રહ પર પણ ભૂકંપ આવતા રહે છે. અહીંની સપાટી પર કેટલાંક પ્રાચીન લાવાવાળા ક્ષેત્ર મળી આવ્યાં છે, જેનાથી જાણકારી મળે છે કે ભૂતકાળમાં બુધ પર જવાળામુખીઓનું અસ્તિત્વ હશે. – બુધ ગ્રહને સવાર કે સાંજનો તારો પણ કહેવામાં આવે છે, કારણ કે તે સૂર્યોદયના બરાબર પહેલાં અને સૂર્યાસ્તના બરાબર પછી આકાશમાં દેખાય છે. સૂર્યમંડળમાં શુક્ર, મંગળ, ગુરૂ અને શનિ પછી બુધ એક એવો ગ્રહ છે જેને પૃથ્વી પરથી સરળતાથી જોઈ શકાય છે.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે બુધ સતત સંકોચાઈ રહ્યો છે. ચાર અબજ વર્ષ પહેલાં જયારે બુધ ગ્રહની સપાટી સખત બની હતી ત્યારની સરખામણીમાં આ ગ્રહ સાત કિલોમીટર નાનો થઈ ગયો છે.

બુધ ગ્રહ પર મોટા–મોટા ખાડાઓ જોવા મળ્યા છે. કેટલાક ખાડા તો અનેક કિલોમીટર લાંબા અને ત્રણ કિલોમીટર સુધી ઊંડા છે. એવું માનવામાં આવે છે કે આ ખાડા ઉલ્કાઓના ટકરાવાને કારણે બન્યા હશે. પૃથ્વીની જેમ બુધને પોતાનો કોઈ પ્રાકૃતિક ગ્રહ કે ચંદ્ર નથી. – બુધની સપાટી પર એક પ્રકારની કરચલીઓ જેવી રચના જોવા મળે છે. એવું માનવામાં આવે છે કે સૂર્યની વધારે નજીક હોવાને કારણે ત્યાં ગરમી પણ વધારે છે, જેથી ગરમીને કારણે જેમ જેમ ગ્રહનું લોખંડ સંકોચાવાનું શરૂ થયું તેમ તેમ તેની સપાટી પર કરચલીઓ જેવી સંરચના બનતી ગઈ.

# નિત્ય અને સનાતન આત્મા




વાજશ્રવસ્ નામના ઋષિએ યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે પોતાના સર્વસ્વનું દાન કરી દીધું !

દક્ષિણામાં આપેલી ગાયો તરફ વાજશ્રવસ્ના પુત્ર નચિકેતાએ દષ્ટિ કરી, તો એનું અંતર ખળભળી ઊઠ્યું :

'આ તે કેવું દાન કરે છે પિતાજી ? જે ગાયો જાતે પાણી પી શકતી નથી, ભરપેટ ચારો ચરી શકતી નથી, જેનું એકેએક હાડકું દેખાય છે, જેના આઉમાં દૂધનું એક ટીપું યે નથી; એવી શિથિલઅને નબળી ગાયોનાં દાનનું પુણ્ય કેટલું ?'

પછી નચિકેતાએ પિતાને પ્રશ્ન કર્યો :'પિતાજી, આપ મને કોને દાનમાં આપશો ?'

વાજશ્રવસ્ કોઈ જવાબ ન આપી શક્યો. વારંવાર પૂછવા છતાં યે તે મૌન રહ્યો !

છેવટે ખીજાઈને એણે જવાબ દીધો :'હું તને મૃત્યુને આપીશ !'નચિકેતા વિચારવા લાગ્યો : 'તને ડર શેનો ? તારા પહેલાં અને પછી જેમનાં મૃત્યુ થયાં છે, તેને તું જો ! આ મૃત્યુ તો અન્નની જેમ ઉપજે છે, પાકે છે, નષ્ટ થાય છે અને ફરી પેદા થાય છે !'નચિકેતા યમદ્વારે અતિથિરૂપે પહોંચે છે. યમરાજ એનું સ્વાગત જળથી કરીને કુશળક્ષેમ પૂછે છે !ત્રણ દિવસ અને ત્રણ રાત નચિકેતા ત્યાં ભૂખ્યો–તરસ્યો પડયો રહે છે !ત્રીજે દિવસે યમ આવીને કહે છે : 'હું તને નમસ્કાર કરૂ છું. જયારે હું આવું, ત્યારે જ તેં ભોજન કરવાની પ્રતિજ્ઞા લીધી, તેથી મને પાપ થયું. તું ભોજન કર્યા પહેલાં ત્રણ વરદાન માગ !'નચિકેતાએ પ્રથમ વરદાન માગ્યું : 'મારા પિતા ગૌતમનું ચિત્ત શાંત થાય. તે ક્રોધને જીતે. જયારે હું પાછો ફરૂ, ત્યારે પ્રસન્ન થઈ બોલે !'વરદાન મળતાં, એણે બીજું વરદાન માગ્યું :

'સ્વર્ગલોકની પ્રાપ્તિ જેના વડે થાય છે અને જેનાથી મનુષ્ય અમર બને છે, તે અગ્નિનો ઉપદેશ આપો !'યમે નચિકેતાને ત્રણ જાતના રહસ્યમય અગ્નિનો ઉપદેશ આપ્યો અને એનું નામ 'નચિકેતા અગિનિ' રાખ્યું – જેનાથી બ્રહ્મયજ્ઞ પૂરો થયા અને મનુષ્ય શોકથી પર બનીને અમર થાય, તેવો અગ્નિ, તે તપસાધના !નચિકેતાએ યમરાજ પર દષ્ટિ કરીને ત્રીજું વરદાન માગ્યું :

'આચાર્ય યમરાજ, મને આત્મતવનું સમ્યક જ્ઞાન કરાવો, જે સૌથી ઉત્કૃષ્ટ છે !'

અહીં યમરાજ થોભ્યા. એમણે નચિકેતાને અનેક જાતનાં પ્રલોભનો આપ્યાં, પણ નચિકેતા અટલ રહ્યો :

'મારે બીજું કાંઈ નથી જોઈતું. મને કેવળ આત્મતવનું જ્ઞાન કરાવો !''એથી તને શું મળેશે ? જો, નચિકેતા, આ જગત અનેક સાંસારિક સુખ અને સંપદાઓથી ભરેલું છે. એને તું ભોગવ ! આ આત્મજ્ઞાનની પીડાને પામવા શા માટે તડપે છે ? એ પામીને તું શું પ્રાપ્ત કરશે ? જન્મ, મૃત્યુ, જરા મનુષ્યનું નસીબ છે !'

'મેં આપને આચાર્યપદે સ્થાપ્યા છે. આપની પાસેથી હું જ્ઞાન લાધવા આવ્યો છું. મને કોઈ પ્રલોભન લોભાવી નહિ શકે. સાંભળો, સુખનાં સર્વસાધનો મારે મન તુચ્છ છે ! એ તો સંસારનાં સઘળાં જીવો ભોગવે છે. મારે નથી ભોગવવાં ! તે બધાં સાધનો આપ આપની પાસે રાખો. ગુરૂવર્ય, મને તે વરદાન આપો, જેનાથી મને આત્મતવનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય !'

'આચાર્ય યમ તે નાની વયના નચિકેતાની પ્રબળ અટલતાને જોઈને મનોમન પ્રસન્ન થયા ! સૌથી શ્રેષ્ઠ આત્માના રહસ્યને પામવાની કોઈને પડી નહોતી, ત્યારે નચિકેતાને એ સિવાયનું કશું જોઈતું નહોતું !'

છેવટે યમરાજને નમવું પડયું. એમણે નચિકેતાને પોતાની સામે બેસાડયો. એની પર પ્રેમાળ દષ્ટિ કરી. આત્મતવના રહસ્યોને પામવા માટે એને યોગ્ય લેખ્યો !

પછી આચાર્ય યમે નચિકેતા સામે 'પ્રેય' અને 'શ્રેય' – તે બન્ને માર્ગોનું વિવેચન કર્યુ. એમણે તેને વિસ્તારપૂર્વક શ્રેયનો ઉપદેશ આપ્યો ! વિદ્યા અને અવિદ્યાનાં રહસ્યો ખોલી નાખ્યાં ! નિત્ય અને અનિત્ય વચ્ચેનું અંતર સ્પષ્ટ કર્યુ ! છેવટે બ્રહ્માંડ અને પિંડનું તારતમ્ય સમજાવ્યું ! નચિકેતા સામે એક પછી એક પડળો ખોલ્યાં.

અંતે, નચિકેતાના અંતરમાં આત્મતવનું રહસ્ય પ્રકટ થયું ! હૃદયની ગાંઠો ખૂલી ગઈ ! સંશય હઠી ગયો ! જેના માટે તે તડપતો હતો, તે જ્ઞાન મળી ગયું ! નચિકેતા પામી ગયો કે આત્મા નથી જન્મ લેતો કે નથી મરતો ! આત્મા તો નિત્ય અને સનાતન છે !

મૃત્યુએ નચિકેતાને 'બ્રહ્મયુકત' અને મળવિહીન કરી દીધો !

# વાર્તા – બાળકોએ કરી સેવા

રજામાં બાળકો ક્રિકેટ રમે ત્યારે ક્યારેક બાલ કાશી ડોશીના ફળિયામાં ઊછળીને પડે. બાળકો બોલ લેવા જાય, પણ કદી પાછો ન મળે અને સાંભળવા મળે ડોશીનો બડબડાટ...... બાળકો કાશીમાને ફળિયામાં.... બધાં બાળકોને થયું કે ખલ્લાસ.... આજે બાલ પાછો નહીં મળે. ડોશીના ઘરમાં ઘૂસી ગયા અને ફળિયામાં બાલ શોધવા લાગ્યા, ત્યાંજ પાણીની કૂંડીમાં પડેલો બાલ મળી ગયો. ટીનુએ પાણીમાં હાથ નાખીને બાલ ઉપાડી લીધો. બંને બાળકો બાલ લઈને ઘરની બહાર નીકળવા જતાં'તાં... ત્યાં જ.... પાણી.... પાણી..... પાણી..... એવો કણસતો અવાજ સંભળાયો.

બંને બાળકો ઘરની અંદર ગયાં, તો ખાટલા પર કાશી ડોશી પાણી..... પાણી.... પોકારતાં'તાં.... ટીનુ ઝટ રસોડામાં પાણી લેવા ગયો. ભોલુએ ડોશીનાં કપાળ પર હાથ મૂક્યો, તો..... ડોશીમાનું કપાળ તાવથી ધગધગતું હતું. તેમને ાસ લેવાની પણ તકલીફ પડતી હતી. સખત તાવને કારણે હાથ–પગ ધ્રુજતા હતા. ટીનુ પાણી લાવ્યો અને ડોશીમાને ધીરે ધીરે પીવડાવ્યું. ભોલુને ડોશીમા પાસે બેસાડી, ટીનુ દોસ્તોને બોલાવવા દોડયો. બધાં બાળકો ક્રિકેટ રમવાનું છોડી ડોશીમા પાસે દોડી આવ્યાં. એટલામાં રાજુ બોલી ઊઠ્યો : ''છો... ડોશી માંદી પડી. એ તો એવા જ લાગની છે.''''ભલે, મરતી હોય તો મરવા દો.... આપણને બહુ ગાળો આપે છે.'' રઘુ ઉવાચ.

''આપણા બધા બોલ ડોશીએ સંઘરી રાખ્યા છે. ચાલો, રમવા જતા રહીએ....'' વિનુ બોલ્યો.અને એટલામાં જ માયાળુ મનુ બોલી ઊઠયો, '



'ના....... ના....... કાશીબાને એમ મરવા ન દેવાય.... હું હમણાં વૈદબાપાને બોલાવી લાવું છું.''''હા..... હા..... મનુની વાત સાચી છે. આપણે ડોશીમાને મરવા નથી દેવાં...'' બીજાં બોલી ઊઠયાં. મનુ વૈદબાપાને તેડી લાવ્યો. વૈદબાપાએ ડોશીમાની નાડી તપાસી દવા આપી. અને કપાળ પર મીઠાનાં પાણીનાં પોતાં મૂકવાનું કહ્યું, જેથી તાવ ઊતરી જાય. બધાં બાળકો કાશીમાની સેવામાં લાગી ગયાં. મનુ પોતાં મૂકવા લાગ્યો, તો વસુ કોફી બનાવીને લાવી. કનુ ને ભોલુ ડોશીમાના પગ દાબવા લાગ્યા. ડોશીમાનો તાવ ધીરે ધીરે ઊતરવા લાગ્યો. એમણે આંખો ખોલી, તો તેમની ચારેબાજુ બાળકો દેખાયાં. આ જોઈ તેમને નવાઈ લાગી. બાળકોએ તેમને બધી વાત કરી. આ સાંભળતાં જ તેમની આંખમાંથી ટપ...ટપ... ટપ... આંસુ ટપકવા લાગ્યાં. તેમને થયું, જેમને હું ધુત્કારતી હતી, ગાળો દેતી હતી તેઓએ જ મારી સેવા કરીને મને બચાવી. તેમને ખૂબ પશ્ચાત્તાપ થયો – તેઓ બોલ્યાં : ''બાળકો, હું તમારી માફી માગું છું. મેં તમને ખૂબ હેરાન કર્યા, પરંતુ તમે બધાં કેટલાં સારાં છો.... વહાલાં છો. અઠવાડિયામાં ડોશીમા સાજાં થઈ ગયાં. તેમણે બધાં બાળકોને જમવા બોલાવ્યાં. ખીર, પૂરી ને ખમણ ઢોકળા બધાં બાળકોને આગ્રહ કરી કરીને જમાડયાં અને બોલ્યાં : ''બાળકો, આ તમારૂ જ ઘર છે, જયારે રમવા આવવું હોય ત્યારે આવજો. હું તમને વાર્તા કહીશ, ઉખાણાં કહીશ. આમ પણ હું એકલી છું, તમે આવશો તો મને ગમશે.''ત્યાં જ ટીખળી વિનુ બોલી ઊઠ્યો, ''પણ પહેલાં અમારા સંઘરેલા બધા બાલ તો આપો...''અને કાશીમાએ સંઘરી રાખેલા બધા બાલ પાછા આપી દીધા. આ જોઈ બાળકો બોલી ઊઠ્યાં, ''કાશીમાની હિપ.....હિપ.... હુરરરે.''

# જ્ઞાનમંજરી

**વૈશ્વિક યાત્રા**

(૧) ભારતનું ભરૂચ શહેર કઈ નદીના કિનારે વસેલું છે ? – નર્મદા
(૨) ભારતનું વારાસણી શહેર કઈ નદીના કિનારે વસેલું છે ? – ગંગા
(૩) હંગેરી દેશનું બુડાપેસ્ટ દિલ્લી શહેર કઈ નદીના કિનારે વસેલું છે ? – ડેન્યુબ
(૪) તિબેટ દેશનું લ્હાસા શહેર કઈ નદીના કિનારે વસેલું છે ? – બ્રહ્મપુત્ર
(૫) ભારતનું બદરીનાથ શહેર કઈ નદીના કિનારે વસેલું છે ? – અલકાનંદા
(૬) આફ્રિકા ખંડનું ભૌગોલિક ઉપનામ શું છે ? – અંધારિયો ખંડ
(૭) અમેરિકા ખંડનું ભૌગોલિક ઉપનામ શું છે ? – નવી દુનિયા
(૮) આર્યલેન્ડનું ભૌગોલિક ઉપનામ શું છે ? – નીલમટાપુ
(૯) પામીરનું ભૌગોલિક ઉપનામ શું છે ? – દુનિયાનું છાપરૂ
(૧૦) ઝાંઝીબારનું ભૌગોલિક ઉપનામ શું છે ? – લવિંગનો ટાપુ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## પિંજરાનું પંખી

સરેરાશ માણસ પોતાના સલામત વિસ્તાર (Comfort Zone)માં જીવવા ટેવાઈ જતો હોય છે, તેથી તેનો વિકાસ અટકે છે, વ્યકિતત્વ રૂંધાઈ જાય છે. નિશ્ચિત જીવન–વર્તુળમાં જીવવા કરતાં કશુંક નવું કરવું, ચીલો ચાતરવો – એ ભલે સાહસ છે, તેમાં નિષ્ફળતા પણ સાંપડે, પણ માણસ નવી હવામાં શ્વાસ લેવાનો આનંદ માણી શકે. આવો, આપણે આપણા વર્તુળ ને છેદીએ, ભેદીએ, બહાર નીકળીએ. પ્રગટતું પ્રભાત રાહ જુએ છે !

# અંતર પડવા ન દેશો




સંબંધોની જે ડાળીને માળો બાંધ્યો હોય ત્યાં હદયને વસવા દેજો, એનાથી અંતર પડવા દેશો, એકવાર અંતર પડશે તો પછી તિરાડ વિસ્તરશે અને એમાં માન–અભિમાન વગેરે પ્રવેશ કરી જશે. ભકતએ ભગવાન સાથે જોડાયેલા રહેવું. એકવાર તાર તૂટી જાય તો એને ફરી સંધાતા વર્ષો લાગે છે. સાવ નાની અમથી વાતમાં અંતર પડયું હોય તો એ કાળક્રમે પછી એટલુ વધતું જાય છે કે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલો સબંધોમાં ભેદ સર્જાય છે. પછીથી એ યાદ પણ રહેતું નથી કે આ અંતરની શરૂઆત કયાંય થઈ. જીવન જે રાગે ગોઠવાયું હોય તે રાગને તોડશો નહિ. જે ઢળતા ઢાળે લાગણીઓ માનવ સંબંધોમાં વલ્લરીની જેમ વીંટળાઈ હોય એને તૂટવા દેશો નહિ. જિંદગીનો પ્રવાસ દેખાય છે એટલે લાંબો નથી, સફર ઘણી જ ઝડપી અને ટૂંકી છે. બીજાના હદય પર આપણી જે મુદ્રા ઉપસે છે તેમાં આકાર લેતી ભાવનાઓનું કયારેય પોતાના હાથે ખંડન થવા ન દેશો. સબંધો સાવ નિકટના હોય તો પણ, માતા–પિતા, ભાઈ–બહેન, દાદા–દાદી, વડીલો, મિત્રો અને સહકર્મચારીઓ સાથે એકવાર બંધાયેલો નાતો તૂટે નહિ કે એમાં મનદુ:ખ થાય નહિ તેની સંભાળ લેજો. માનવ સંબંધોની મૂડી એ જીવનનું મુખ્ય ચાલક બળ છે, એને ભરતીના મોજાના અંત:કરણમાં ઉછળવા દેજો, ઓટની જેમ ઓસવાર નહિ દેતા.

# મારા પ્રશ્નોના જવાબ આપો

(૧) ભારતનું સૌથી મોટું ઉદ્યોગ ક્ષેત્ર કયું છે ?–રોવા (૨) ભારતમાં સૌથી વધુ ઉત્પાદન કઈ ધાતુ છે ?
– લોખંડ (૩) બાઈકની શોધ કયા દેશમાં થઈ ? – ચીનમાં
(૪) કયા ગૃહ પર ચંદ્રયાન–૩ લેન્ડ થયું ? – ચંદ્ર પર (૫) ચંદ્ર પર પ્રથમ પગ મૂકનાર વ્યકિત કોણ છે ?
– નીલ આર્મસ્ટ્રોંગ
(૬) અંતરિક્ષ પર જનાર પ્રથમ મહિલા વ્યકિત કોણ હતી ?
– વેલેટિના ટેલેશકોવા
(૭) ભારતનું પ્રાચીન નામ શું હતું ?
– ભારતખંડ (૮) મહાભારત કયાં મેદાન પર થયેલું હતું ? – હરિયાણાના કુરૂક્ષેત્રમાં (૯) ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ કયાં થયો હતો ? – મથુરા
(૧૦) ભારતમાં શિક્ષણ મેળવનાર પ્રથમ મહિલા કોણ હતી ?
– સાવિત્રીબેન ફૂલે

– મકવાણા રોમિલ
૮ – બી

# બોર, જાંબુ, બમબમ

– રમેશ ત્રિવેદી

એક છે ને રાતું રાતું, પાક્કું બોર હતું. બોર બોરડી પરથી ટપૂ દઈને પડી ગયું.

બોર નીચે પડ્યું એવું ગાવા લાગ્યું : હું જાડું જાડું બમ બમ !

હું ચાલું કેવું ધમધમ ! બોર તો પછી નાચતું–કૂદતું ચાલવા માંડયું. રસ્તામાં એને જાંબુ મળ્યું.

બોર કહે : અલ્યા, જાંબુ, કયાં જાય છે ?

જાંબુ કહે : છે ને હું તો ફરવા જાઉં છું !

બોર કહે : એમ ! પણ કયાં ફરવા જાય છે ?

જાંબુ કહે : છે ને મારે તો આખા જંગલમાં ફરવું છે ને.

ઝાડ પર
પહાડ પર
વેલા ને વાડ પર
ઊંચા ઊંચા તાડ પર
બધે જ ચઢવું છે, ફરવું છે, નદીમાં પડવું છે
અને ખૂબ મજા મજા કરવી છે !

બોર કહે : અલ્યા, જાંબુ, હુંય આવું તારી સાથે ?

જાંબુ કહે : ચાલને દોસ્ત,
હસતા કૂદતા ફરીશું,
મોજ–મજા કરીશું !

જાંબુ ને બોર નાચતાં–કૂદતાં, ફૂલ જેવું હસતાં હસતાં, આગળ ને આગળ ચાવવા લાગ્યાં. એકબીજાને ટપલી મારતાં મારતાં ગાવાં લાગ્યાં :

અમે જાડા જાડા બમ બમ.

અમે ચાલીએ કેવા ધમ ધમ !

રસ્તામાં ડોલતા પહાડ જેવો હાથી મળ્યો.

હાથીએ ઝીણી આંખોથી જોયું ને કહ્યું :

'અલ્યા, બોર જાંબુ, તમે બે ટિનકુડા ટિનકુડા આમ કયાં ચાલ્યા ? હેં??...'

બોર હસી પડ્યું : 'હાથીદાદા, અમે તો છેને, તમને મળવા જ આવ્યાં છીએ હોં !...'

હાથીએ કીધું : 'અલ્યા, મારૂ તે વળી શું કામ છે ?'બોર કહે : 'હાથીદાદા, છે ને અમારે લપસણી ખાવી છે !..'હાથી હી હી કરતો હસી પડ્યો : 'તો એમ વાત છે !' તો લ્યો, હું નીચે બેસી જાઉં, પછી મારી પીઠ પરથી તમ તમારે ખાઓ, લપસણી...!બોરે જાંબુને તાળી આપી : 'ચાલો, ખાઈએ લપસણી !'બોર તો હાથીદાદાની પીઠ પર એક જ કૂદકે ચઢી ગયું. એણે જાંબુને પણ હાથ ઝાલીને ઉપર ચઢાવ્યું ને પછી તો સરરરર કરતાં નીચે હેય, હેય...!!

ફરી પાછા હસતાં હસતાં હાથીદાદાની પીઠ પર !...

ફરી પાછા સરરરરર કરતાં નીચે... હેય ! હેય !

જાંબુ બોર તો લપસણી ખાઈ ખાઈને થાકી ગયાં.

હાથીદાદાને 'થેન્ક યુ,' કહીને પછી બંને ફરી પાછાં ઉપડ્યાં... ધમ... ધમ... ધમ...

રસ્તામાં એક શિયાળ મળ્યું.

શિયાળે પૂછ્યું : 'અલ્યા, બોર જાંબુ, આમ કઈ બાજુ ?'

જાંબુએ કીધું : 'શિયાળ મામા, શિયાળમામા, અમે તો છે ને થાકી ગયાં.

શિયાળ હસી પડયું : શાને થાકી ગયાં આમ ? બોર જાંબુ એક સાથે હસતાં હસતાં બોલ્યાં : અમે તો છેને વહેલી સવારથી ફરતાં ફરીએ છીએ.

શિયાળ કહે : 'એમ ! કયાં કયાં ફર્યા તમે ?

જાંબુ–બોર બંને સાથે બોલ્યા : 'મામા, અમે તો બહુ બહુ જ ફર્યા, ને ટાંટિયા તો એવા દુ:ખે છે... એવા દુ:ખે છે !

શિયાળ હસ્યું : 'એમ વાત છે ! તો એમ કરો તમે બંને જણ લટકી જાઓ !' બોરે કીધું : 'કયાં લટકીએ મામા ?'

શિયાળે ફરી હસીને પોતાની ભરાવદાર પૂંછડી તરફ ઈશારો કર્યો.'અરે ! વાહ, મામા, વાહ! – કહીને બોર જાંબુ તો લટકી પડયાં.

અને હેય, હેય, કરતાં ગાવાં લાગ્યાં :ઝૂલો ખાવાની કેવી મજા !હેં કૂટ ખાવાની કેવી મજા !

શિયાળ તો ખૂબ દોડ્યું. એ દોડી દોડીને હાંફી ગયું : 'અલ્યા, બોર–જાંબુ, તમે તો ખરેખર જાડા જાડા બમ છો!...'જાંબુને દયા આવી : 'મામા, બસ, ઊભા રહી જાઓ !.' બોરે કીધું : 'થેન્ક યુ, મામા !'થોડો થાક ઓછો થયો એટલે પાછાં બંને દોડવા લાગ્યાં.

રસ્તામાં નદી આવી. બોર જાંબુ તો હેય, હેય! કરતાં નાચી ઊઠ્યાં.નદીમાં ભૂસકા માર્યા. મજા કરી હેય, હેય !!બોર–જાંબુ આગળ ચાલ્યાં. ચાલતાં ચાલતાં ઊભાં રહી ગયાં.જાંબુ કહે : 'અરે ! આ શું ?' બોર કહે : 'આ તો ખિસકોલીનું બચ્ચું છે !'જાંબુ કહે : 'બિચારૂ ઝાડ પરથી પડયું લાગે છે હોં !'બોર દોડીને નદી પાસે ગયું; પાણી લઈ આવ્યું, પાણી ખિસકોલીના બચ્ચાને છાંટયું. બચ્ચાએ આંખો ખોલી.જાંબુ કહે : 'અલ્યા, બચ્ચાં, તને ભૂખ લાગી છે ?'

બચ્ચું ધીમેથી બોલ્યું : 'મને ઝાડ પર ચઢતાં હજુ નથી આવડતું. તે પડયું ધબ દઈને મને ભૂખ લાગી છે !'

જાંબુ બોલ્યું : 'તો એમ કર, મને ખાઈ જા તું !'


બોર બોલ્યું : 'ના, પહેલાં મને ખાઈ જાય !..?'

જાંબુ કહે : 'ના, પહેલાં મને ખાઈ જા !' 'અરે ! બચ્ચું તો અલોપ થઈ ગયું ! બોર–જાંબુ એકબીજા સામે અચરજથી જોઈ રહ્યાં.

બોર–જાંબુ તો ઘડીકમાં આમ જુએ, તેમ જુએ, ઘડીકમાં આગળ જુએ, પાછળ જુએ, ઊંચે જુએ, નીચે જુએ.

બોર કહે : 'આ કોણ આવ્યું ?'

જાંબુ કહે : 'અરે ! આ તો પરી લાગે છે !'



'અલ્યા, હું તો પરી નથી. વન દેવી છું ! પણ તમે કોને શોધો છો ?

'અમે ? ખિસકોલીના બચ્ચાને શોધીએ છીએ.'

બોર–જાંબુ તો આટલું બોલીને વન દેવીની ઝગમગ થતી પાંખોને, ચમક ચમક થતી આંખોને, લીલીછમ સાડીને જોતાં રહ્યાં. વનદેવી હસી પડયાં : 'અલ્યા, જુઓ તો ખરાં, બચ્ચું તો પેલું રહ્યું, ઝાડ નીચે...'

બોર હસ્યું : 'હા, અલ્યા, કેવું લપાઈને બેઠું છે એની મમ્મી પાસે !'જાંબુય હસ્યું : 'જુઓ તો ખરા કેવું ટગરટગર જોયા કરે છે !'ટિનકું, મારૂ બેટ્ટુ ! જબરૂ છે હોં !...'વનદેવી કહે : અલ્યા, બોર જાંબુ, તમે બચ્ચાને બચાવ્યું તે જોઈને હું ખુશ થઈ હોં ! આ આખુંય વન મારૂ છે. હું આ વનની દેવી છું.બોર–જાંબુ એક–બીજા સામે જોઈ રહ્યાં. વનદેવીએ હસીને કીધું : 'આ ખિસકોલી, આ બચ્ચું, આ ઝાડ, પેલી કોયલ, પેલો કાગડો, પેલો પહાડને ઝરણાં, સસલાંને હરણાં, પેલાં વાડને વેલાઓની ઝૂલ સુંદર રંગબેરંગી ફૂલને પતંગિયા, ગુનગુન કરતાં ભમરા એ બધાંય મારાં છે હોં... બોરે ધીમેથી પૂછયું : 'વનદેવીજી, અમેય તમારાં નહીં ?'

જાંબુય હસ્યું : 'હા, અમેય વનમાં જ રહીએ છીએ ને !'

વનદેવી તો ખૂબ હસ્યાં. એમણે કીધું :'અલ્યા, તમે તો બહુ ચાલાક છો હોં !'બોર–જાંબુ એકબીજા સામે જોઈને હસી પડયાં.

વનદેવીએ કહ્યું : 'અલ્યા, રાત પડી, અંધારૂ થયું, તમે એમ કરો, મારી આંગળી પકડી લ્યો, ચાલો, હું તમને તમારે ઠેકાણે મૂકી જાઉં !''હા ચાલો !...' કહીને બોર અને જાંબુએ વનદેવીની બંને હાથની એક એક આંગળી પકડી લીધી. એ ચાલતાં ચાલતાં ગાવા લાગ્યાં :અમે જાડાં જાડાં બમ બમ !

અમે ચાલીએ કેવાં ધમ ધમ.પછી બોરડી આવી, બોર તો જઈને બોરડી પર લટકી પડયું અને જાંબુય જાઈને જાંબુડા પર બેસી ગયું ને પછી છેને વનદેવી ય થઈ ગયાં અલોપ !!

**('ભાવિક પરિષદ' – નવેમ્બર)**



# બાબરાના ચમારડી સ્ટેચ્યુ ઓફ બસ સ્ટેશન ખાતે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી









સૌન સરદાર જય સરદારના જય ઘોષ સાથે લોખંડી પુરૂષ સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પણ બાબરા તાલુકાના ચમારડી ગામના સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા આજ રોજ ૩૧ ઓક્ટોમ્બર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી પર્વ નિમિત્તે પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી સંકલ્પ બધ્ધ ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા બિન રાજકીય અને રચનાત્મક કાર્યના ભાગ સરદાર સાહેબના સ્ટેચ્યુ ગામો ગામ અર્પિત કરી આજે સમગ્ર ગુજરાત રાજય સહીત અન્ય રાજયોમાં સરદાર પટેલ સાહેબના સ્ટેચ્યુઓને સ્થાપતિ કરીને આજે સમગ્ર ભારત દેશવાસીઓ દ્વારા સરદાર પટેલ સાહેબની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી ત્યારે આજે ચમારડી ગામે મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.


### વરસાદી માહોલ અને હવામાન વિભાગની આગાહીનાં કારણે

## સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર ખાતે ૨૭ નવે.થી ૧ ડિસે. સુધી કાર્તિક પૂણિમાં મેળો યોજાશે

### ભાવિકોનાં હિતમાં મેળાની તારીખોમાં ફેરફાર

અમરેલી, તા. ૩૧

શ્રધ્ધા અને લોકસંસ્કૃતિના પાવનધામ એવા પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં વર્ષ ૧૯૫૫થી પ્રતિવર્ષ યોજાતો પરંપરાગત કાર્તિક પૂર્ણિમા લોકમેળો–૨૦૨૫ કે જે આગામી તા.૧ થી ૫ નવેમ્બર ૨૦૨૫ સુધી નિર્ધારિત કરવામાં આવ્યો હતો, આ મેળાને પ્રવર્તમાન અસામાન્ય હવામાન પરિસ્થિતિઓ ને ધ્યાનમાં રાખીને, સોમનાથ ટ્રસ્ટ દ્વારા તા.૨૭ નવેમ્બરથી ૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજવાનો મહત્વપૂર્ણ અને જનહિતકારી નિર્ણય લેવામાં આવ્યો છે.



શ્રી સોમનાથ મંદિર સપૂર્ણ થયું અને રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું તે પુણ્ય દિન એટલે સંકલ્પ સિધ્ધ દિવસ પર મેળાનું સમાપન થશે. કાર્તિકી પૂર્ણિમા પર્વે ટ્રસ્ટ દ્વારા આયોજિત આ મેળામાં લાખોની સંખ્યામાં મુલાકાતીઓ પધારતા હોય છે. જેથી મુલાકાતીઓ, સ્ટોલ ધારકો અને વેપારીઓના સમગ્રલક્ષી હિતને અનુલક્ષીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શ્રી સોમનાથ મંદિરના કાર્યક્રમ: તા.૧/૧૧/૨૦૨૫ થી તા. ૪/૧૧/૨૦૨૫ સુધી એટલે કે કાર્તિકી એકાદશી (દેવ ઊઠી એકાદશી) થી કાર્તિકી પૂર્ણિમાના પાવન પર્વ સુધી શ્રી સોમનાથ મંદિરના દર્શન, પૂજા–વિધિ અને આરતીના કાર્યક્રમો નિર્ધારિત સમય મુજબ યથાવત રહેશે તેમજ દર્શનનો સમય ૧ કલાક વધારીને રાત્રિના ૧૧ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. તેમજ તા. ૫/૧૧/૨૦૨૫ ના રોજ કાર્તિકી પૂર્ણિમાની મધ્ય રાત્રે ૧૨ વાગ્યે શ્રી સોમનાથ મહાદેવની મહાઆરતી યોજાશે અને રાત્રે ૧ વાગ્યા સુધી મંદિરમાં દર્શનનો લાભ મળશે. અન્ય કોઈ પણ માહિતી કે વિશેષ અપડેટ માટે, સોમનાથ ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટ Somnath.org અને ટ્રસ્ટના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સંપર્કમાં રહેવા વિનંતી છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં ''રન ફોર યુનિટી'' ને પ્રસ્થાન**

સહિતના વિસ્તારોમાં 'રન ફોર યુનિટી' માર્ચ યોજાઈ હતી. જેમાં ડી.એલ.એસ.એસ.ના બાળકો, વિવિધ શાળા–કોલેજના વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો, નાગરિકો જોડાયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો– અધિકારીઓ સહિત સૌ નાગરિકોએ રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લીધા હતા.

'રન ફોર યુનિટી' અંતર્ગત શહેરના નાગરિકો સહિત સૌ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ને 'વિકસિત ભારત' બનાવવવા માટે સહિયારો પુરૂષાર્થ કરવા સંકલ્પબદ્ધ થયા હતા.

વર્ષ ૧૯૪૭માં ભારત દેશ અંગ્રેજ શાસનથી મુકત થયો અને આઝાદ થયો હતો. સ્વતંત્રતા સંગ્રામની મહાન લડાઈમાં પૂ. ગાંધીજી, ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ સહિત અનેક નામી–અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓ, વીરો, વીરાંગનાઓએ પોતાના બલિદાનો આપ્યા છે. ઉપરાંત લોહપુરૂષ શ્રી વલ્લભભાઈ પટેલે પોતાનું અનન્ય યોગદાન આપીને સમગ્ર ભારતને એક તાંતણે બાંધી અખંડ ભારતનું નિર્માણ કર્યુ હતું.

'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણીમાં અમરેલી જિલ્લા પંચાયત અને નગરપાલિકાના હોદ્દેદારો, પદાધિકારીઓ, અમરેલી બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરના સંતો, ઈન્ચાર્જ પોલીસ વડા, પ્રાંત અધિકારીઓ, જિલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો, વિવિધ શાળા–કોલેજના વિદ્યાર્થીઓ, નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## કેળાના પાનની વિશિષ્ટતાઓ



અમરેલી, તા. ૩૧

કેળાના પાન પર જમો અને જમાડો. શું તમે જાણો છો કે કેળાના પાનની અંદર વિશેષ એન્ટિબેકટેરિયલ ગુણ હોય છે. કેળના પાન પર ભોજન કરવાથી તમને જંતુઓથી મુક્તિ મળી જશે જેને કારણે તમે બીમાર નહિં પડો. વિજ્ઞાન અને હિંદુ ધર્મ અરસપરસ સંકળાયેલા છે. આ જ કારણે હિન્દુને ધર્મ ન માનતા કેટલીક વાર પરંપરાનું નામ આપી દેવામાં આવે છે. તમે કહી શકો છો કે હિંદુ ધર્મ એક વૈજ્ઞાનિક પરંપરાનું જ નામ છે. હિંદુ માન્યતામાં વિવિધ ધાતુઓથી બનેલા ભોજનનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. પરંતુ આજકાલ આપણે વગર વિચાર્યે ધાતુના વાસણોનો રસોઈમાં ઉપયોગ કરીએ છીએ જે આપણી લાઈફ પર નકારાત્મક અસર કરી શકે છે. જો કે દક્ષિણ ભારતમાં આજે પણ કેળાના પાંદડા પર ભોજન કરવાનો રિવાજ છે. કોઈ મોટી હોટેલમાં પણ કેળાના પાંદડા પર જ ભોજન પીરસવામાં આવે છે. કેળાના પાનને પ્રકૃતિનો આશીર્વાદ માનવામાં આવે છે. તેમાં ગ્રીન ટી જેવા જ ગુણ હોય છે. કેળાના પાન શરીરમાંથી ઝેરી તત્વોને બહાર ફેંકે છે. તે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને વ્યક્તિને સ્વસ્થ જીવન જીવવામાં મદદરૂપ બને છે. કેળાના પાન પર કુદરતી રીતે જ વેકસ જેવું એક કોટિંગ હોય છે. આ કોટિંગને કારણે ભોજનનો સ્વાદ અનેકગણો વધી જાય છે. તમે પોતે અનુભવશો કે કેળાના પાન પર ભોજન કરવાથી ભોજનનો કંઈક વધુ સરસ સ્વાદ આવશે. સૌથી મોટી વાત એ છે કે કેળાના પાન સંપૂર્ણરીતે ઈકોફ્રેન્ડલી છે. કેળાના પાન પર ભોજન કરવાથી તમારા કિચનમાં ગંદા વાસણ ભેગા નહિં થાય અને તમને આને બહાર ફેંકવામાં પણ તકલીફ નહિં થાય. તમે તેને જમીનમાં ડાટીને પ્રકૃતિની સેવા પણ કરી શકો છો, એવું પણ માનવામાં આવે છે કે સાથે બેસીને કેળાના પત્ર પર ભોજન કરવાથી પરિવારના સદસ્યો એકબીજાની નજીક આવી જાય છે. આજકાલ સાથે બેસીને જમવાનો કોઈને ટાઈમ નથી હોતો. એવા સમયમાં કેળાના પાન પર સાથે બેસી જમવાથી પરિવારજનોમાં નિકટતા વધે છે અઠવાડિયામાં એક વાર આ પ્રયોગ કરવા જેવો ખરો.

–મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

### જુના તાપડીયા આશ્રમ યુવક મંડળ દ્વારા

## બાબરાનાં જુના તાપડીયા આશ્રમ ખાતે તુલસી વિવાહ અંતર્ગત મંડપ રોપણ કરાયુ

### પૂ. શ્રી ઘનશ્યામદાસબાપુએ સૌને પધારવા જણાવ્યું



બાબરા, તા. ૩૧

બાબરામાં કાંકરિયા ચોરા પાસે આવેલ જુના તાપડીયા આશ્રમમાં તુલસી વિવાહની ભવ્ય ઉજવણીનું આયોજન અહીંના જુના તાપડીયા આશ્રમ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું છે. તાપડીયા આશ્રમના મહંત ઘનશ્યામદાસ બાપુના માર્ગદર્શન હેઠળ યુવક મંડળના સભ્યો તડામાર તૈયારીઓ યુવક મંડળના સભ્યો કરી રહ્યા છે. આજે તા. ૩૧/૧૦ના રોજ સેવક સમુદાય દ્વાર અહીં જુના તાપડીયા આશ્રમમાં ભગવાન શ્રી ઠાકોરજી અને શ્રી તુલસીવૃંદા માતાનું મંડપ રોપન કરવામા આવ્યું હતું. જેમાં સ્થાનિક રહીશો જોડાયા હતા રાત્રીના ભવ્ય દાંડિયારાસ સાંજીના ગીત સહિતના કાર્યક્રમ યોજાશે તા. ૧/૧૧ ના રોજ ઠાકોરજીની ભવ્ય જાન જોડવામાં આવશે.

જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાશે અહીં જુના તાપડીયા આશ્રમમાં ઠાકોરજી અને માતા તુલસીના ધામધૂમથી લગ્ન યોજાશે અને સાંજે ભવ્ય મહાપ્રસાદનો કાર્યક્રમ યોજવામાં આવશે. ભગવાનના લગ્નમાં અને મહાપ્રસાદનો લાભ લેવા ભાવિકો અને ધર્મપ્રેમી લોકોને ઉપસ્થિત રહેવા પૂજય મહંત ઘનશ્યામદાસ બાપુ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.


## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે લાઠી રોડ રસ્તે આવેલ સ.નં.૧૨૧/૧ પૈકી, સી.સ.નં.૨૦૮/૨૩૮ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ ''રામનગર'' નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૨૩૮ પૈકીની જમીન ચો.મી. ૧૧૮–૯૧–૭૫ વાળી મિલ્કત બાબતે હાલ મિલ્કતના માલીક હરેશકુમાર પ્રભુલાલ જાની પાસેથી આરતીબેન હાર્દિકભાઈ બડમલીયાએ ખરીદ કરવાનુ નકકી કરી રજી બાનાખત કરેલ છે જેની રૂઈએ સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ એવી રજૂઆત કરેલ છે કે સદરહું મિલકત હરેશકુમાર પ્રભુલાલ જાનીના કબ્જા, ભોગવટા તેમજ માલીકીની આવેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખોમાં સબંધીત કુલમુખ્ત્યારનામા અથવા તેની નકલ મળી આવતી નથી અને ગેરવલ્લે થયેલ છે તેવી રજૂઆત હાલના માલીક હરેશકુમાર પ્રભુલાલ જાની તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

**ડો. ભકિતપ્રસાદ કૃષ્ણજીવન વૈદ સ્વ.ના વારસો શ્રી પત્ની દેવીબહેન મહેશરાય, ભુપતરાય ભકિતપ્રસાદ, હરિસુતા પ્રબોદરાય ભટ્ટ, રંજનબાળા બાલકૃષ્ણ પત્નીના કુલમુખ્ત્યાર તથા પોતે જાતે ભુપતરાય ભકિતપ્રસાદ વૈદએ તા. ૧૬/૦૫/૧૯૭૭ના દસ્તાવેજ નં. ૮૫૫ થી ડાહયાભાઈ હરિભાઈ સોજીત્રાના નામ જોગ કરી આપેલ લેખ સબંધેનુ કુલમુખ્ત્યારનામુ**

સબબ ઉપરોકત લેખ સબંધે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, ગીરો, કબ્જો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૭માં અમો નીચે સહી કરનાર પાસે લેખિત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વેચ્છાએ જતા (વેવ) કરેલ છે. તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ એસ.બી.આઈ બેંક અમરેલી તરફે આપવામાં આવશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તા. ૩૧/૧૦/૨૦૨૫

**ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી મો. ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**
એડવોકેટ


# બાબરામાં ભાજપ પરિવાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં દેશના લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી શહેર ભાજપ પરિવાર દ્વારા કરવામાં આવી હતી અહીં ચિતલ રોડ પર આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ સર્કલ પર ભાજપ પરિવાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરી સરદાર વલ્લભભાઈ પટેલના જય ઘોસ કરી તેમના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિ ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, મહામંત્રી કપિલભાઈ ચોવટિયા, જિલ્લા ભાજપ અગ્રણી મનસુખભાઈ પલસાણા, શંભુભાઈ પાંચાણી, ધર્મેશભાઈ વાવડીયા, મુકેશભાઈ ખોખરીયા, અજિતભાઈ ખોખરીયા, અશોકભાઈ રાખોળિયા, ભુપતભાઈ બસિયા, મગનભાઈ કોઠીયા, હિતેષભાઈ દેસાઈ, ભગવાનભાઈ અસલાલિયા, હરેશભાઈ રાદડિયા, અલકેશભાઈ ચોવટિયા સહિત પટેલ સમાજના અગ્રણીઓ અને સ્થાનિક ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી








અખંડ ભારતના શિલ્પી એકતાના પ્રતીક મહાન લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ની જન્મ જયંતી દેશભરમાં ઉજવણી થયેલ હોયત્યારેઅમરેલીશહેરમાંપણશ્રીલેઉવા પટેલચેરીટેબલટ્રસ્ટ–અમરેલીદ્વારાતારીખ ૩૧/૧૦/૨૦૨૫નેશુક્રવારનારોજસરદાર સર્કલ, ફોરવર્ડ સ્કૂલ પાસે સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રતિમાને સમસ્તલેઉવાપટેલસમાજવતીપુષ્પાંજલિ અર્પણકરેલસમાજનાપ્રમુખડી.કે.રૈયાણી, કાંતિભાઈ વઘાસિયા, વીરજીભાઈ ઠુંમર, અશ્વિનભાઈ સાવલિયા, રમેશભાઈ કાથરોટીયા,કાળુભાઈ કાછડીયા,ડો.જી.જે. ગજેરા, ડો ચંદ્રેશ ખૂંટ, સંજય માલવિયા, દિનેશ સાવલિયા, સંજય રાજપરા, દિવેશ વેકરીયા,રાજુગઢિયા,જે.પી.સોજિત્રાતથા ટિમ ખોડલધામ ટિમ સરદારધામ અને લેઉવા પટેલ સમાજના આગેવાનો દ્વારા સરદાર સાહેબના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણકરીનેજન્મજયંતીનીધામધૂમપૂર્વક ઉજવણીકરવામાંઆવેલતેવુંરાજેશભાઈ માંગરોળીયા દ્વારા અખબાર યાદીમાં જણાવેલ.

### જમીન ખેડ કરવાના પણ અનેક ફાયદા છે, બિનજરૂરી છોડ હળવા ખેડાણથી નાશ પામે

## જમીનની ઉપરની સપાટી પર રહેતા સુક્ષમ જીવો, અળસિયાંને પ્રતિકૂળ વાતાવરણથી બચાવવા જરૂરી

અમરેલી, તા. ૩૧

પ્રાકૃતિક ખેતી એ એક કૃષિ અભિગમ છે. જેમાં બાહ્ય ઈનપુટ્સ વાપરવામાં આવતા નથી. ઝેર મુકત ખોરાક ઉત્પાદન કરે છે. તેમજ જમીનની ફળદ્રુપતામાં સુધારો થાય છે. તેથી ભારતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત વધી રહ્યો છે.

પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતોમાં ન્યૂનતમ બાહ્ય ઈનપુટસ, સ્વદેશી સુક્ષ્મ સજીવો પરની નિર્ભરતા, જમીનની ફળદ્રુપતા જાળવવી, જૈવ વિવિધતાને પ્રોત્સાહન આપવું વગેરે સમાવિષ્ટ છે. આચ્છાદન શું છે ? જમીનની ઉપરની સપાટી પર રહેતા સૂક્ષ્મ જીવો અને દેશી અળસિયાંને પ્રતિકૂળ વાતાવરણ જેવા કે તોફાન, અતિશય વરસાદ, ગરમી, ઠંડી કે અન્ય જોખમોથી બચાવવા માટે કુદરતી આવરણથી ઢ ાંકવામાં આવે છે, જેને આચ્છાદન કહે છે. જે સૂક્ષ્મ વાતાવરણ બનાવવા માટે ખૂબ જ જરૂરી છે.

આચ્છાદનના પ્રકારો કયા છે ? પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં મલ્ચિંગ મુખ્યત્વે ત્રણ કુદરતી રીતે કરવામાં આવે છે.

**(૧) મૃદાચ્છાદન :–** ઊંચા તાપમાનને કારણે જમીનમાંથી કાર્બન હવામાં ભળે છે અને ભેજને શોષી લે છે. વાતાવરણમાં વધુ પડતી ગરમી કે ઠંડીને કારણે જમીન ફૂલી જાય છે અને સંકોચાય છે. તેથી જમીનમાં તિરાડો દેખાય છે. ઉપરાંત તિરાડોમાંથી ભેજ હવામાં વરાળ થઈ જાય છે. જેના કારણે જમીનમાં રહેલા બેકટેરિયા ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થાય છે અને પાકના મૂળ માં પણ તિરાડો પડે છે. આ નુકશાનથી બચવા માટે જમીન પર હળવું ખેડાણ કરવું અનિવાર્ય છે. આવી રીતે જમીનને માટી અને વનસ્પતિના અવશેષોથી ઢાંકવાને મૃદાચ્છાદન કહેવાય છે. જમીન ખેડ કરવાના પણ અનેક ફાયદા છે, બિનજરૂરી છોડ હળવા ખેડાણથી નાશ પામે છે. જમીનમાં ખેડાણથી પાણી સંગ્રહ ક્ષમતા વધે, ભેજનું પ્રમાણ પણ જળવાઈ રહે છે.

**(૨) કાષ્ટાચ્છાદાન :–** પાકના અવશેષોથી માટીને ઢાંકવાને કાષ્ટાચ્છાદાન કહેવાય છે. લણણી પછી માટીની સપાટીને તેના અવશેષોથી આવરી લેવાથી આચ્છાદનના ફાયદા મળે છે. સાથે સાથે જમીનમાં પાક દ્વારા ઉપયોગમાં લેવાતા પોષક તત્વો તેના અવશેષો દ્વારા ફરીથી જમીનમાં ભળી જાય છે. આ પ્રકારના આચ્છાદાનમાં જમીનના ઉપરના સ્તરને ચાર ઈંચની ઉંડાઈ સુધી પાકના અવશેષોથી ઢાંકવામાં આવે છે, જે નીંદણથી સંપૂર્ણ રાહત આપે છે. કારણ કે, નકામા છોડના બીજ જમીનમાં અંકુરીત થઈ શકતા નથી, જમીનને સીધો સૂર્યપ્રકાશ મળતો નથી. **(૩) સજીવાચ્છાદાન :–** મુખ્ય પાકોમાં સહ પાકનું વાવેતર કરીને કરવામાં આવતા આવરણને સજીવાચ્છાદાન કહેવામાં આવે છે. આ આચ્છાદાનથી તમામ લાભો પ્રાપ્ત થાય છે. સાથે સહયોગી પાકમાંથી વધારાની આવક પણ મેળવી શકાય છે. જો મુખ્ય પાક સંવેદનશીલ હોય એટલે કે રોગ થવાની સંભાવના વધારે હોય તો તેમાં એવા સહપાકોનું વાવેતર કરવું જોઈએ જેમાં રોગ પ્રતિરોધક શકિત વધુ હોય, જેના કારણે મુખ્ય પાકનો રોગ વિભાજીત થાય છે. સહપાકથી કુદરતી રોગ નિયંત્રણ થાય છે.

### રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ભાગરૂપે પરેડનું આયોજન

## વડાપ્રધાને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના ચરણ પર પુષ્પાંજલી અર્પણ કરી

કેવડિયા, તા.૩૧

ગુજરાતમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી થઈ રહી છે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીએ હાજરી આપી. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના ચરણ પર પુષ્પાંજલી અર્પણ કરી. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ભાગરૂપે પરેડનું આયોજન કરાયું હતું.

આજે ૩૧ ઑક્ટોબર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી થઈ રહી છે. જન્મજયંતી નિમિત્તે ગુજરાતમાં એકતાનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાજરી ખાસ બની હતી. પ્રધાનમંત્રીનો ગુજરાતમાં એકતાનગર ખાતે પ્રવાસનો બીજો દિવસ છે. પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીનું આયોજન કરાયું હતું. ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં યોજાય તેવી પરેડનું કેવડિયા ખાતે નીકળી. આ પ્રસંગે ૧૦ હજાર જેટલા લોકો પરેડ નિહાળી શકે તેવું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગણતંત્ર દિવસની તર્જ પર રાષ્ટ્રીય એકતા પરેડ યોજાઈ છે, જેમાં BSF, CRPF, CISF સહિત કેન્દ્રીય સશસ્ત્ર દળોની પાંચ અને વિવિધ રાજ્યોના પોલીસ દળોની કુલ ૧૬ માર્ચિંગ ટુકડીઓએ પોતાના શૌર્યનું પ્રદર્શન કર્યું. આ વિરાટ આયોજન દેશની એકતા, અખંડિતતા અને સૈન્ય શક્તિને પ્રદર્શિત કરતું એક પ્રેરણાદાયી પર્વ બની રહી છે. રાષ્ટ્રીય એકતા પરેડમાં BSF, CRPF, CISF, ITBP અને SSB સહિત કેન્દ્રીય સશસ્ત્ર દળોની પાંચ અને અન્ય રાજ્યોના પોલીસ દળોની ટુકડીઓ મળીને કુલ ૧૬ માર્ચિંગ ટુકડીઓએ ભાગ લીધો, જે રાષ્ટ્રીય સુરક્ષાનો સંદેશ આપશે. આ આયોજનનું મુખ્ય આકર્ષણ ભારતીય વાયુસેનાની સૂર્ય કિરણ ટીમનો એર શો અને દેશના વિવિધ રાજ્યોની સંસ્કૃતિ દર્શાવતી સુંદર ઝાંખીઓ રહી હતી. આ વીરતાપૂર્ણ પરેડ જોવા માટે લગભગ ૧૨,૦૦૦ જેટલા દર્શકોની વ્યવસ્થા કરવામાં આવી હતી. દેશના વિવિધ ભાગોમાંથી આવેલા પ્રવાસીઓ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા છે.

### સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે

## વડિયા : પોલીસ દ્વારા રન ફોર યુનિટીનુ આયોજન કરાયુ

### મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓ જોડાયા




વડિયા, તા. ૩૧

વડિયા પોલીસ દ્વારા આજરોજ સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતી રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે રન ફોર યુનિટીનુ આયોજન કરવામાં આવેલ. જેમાં વડિયા પોલીસ હોમ ગાર્ડ જી.આર.ડી. જવાનો, વહીવટી તંત્રના અધિકારીઓ, પોલીસ સ્ટાફ જોડાયા. વડિયા ઈન્ચાર્જ પીઆઈ એ.એન. ગાંગણાના માર્ગદર્શન હેઠળ વડિયા પોલીસ ટીમ સાથે હોમ ગાર્ડ જી.આર.ડી. જવાનો દ્વારા વડિયાથી ગોવર્ધન પેટ્રોલ પંપ સહિતના મુખ્ય માર્ગો પર રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો હતો. આ તકે વડિયા પોલીસ સ્ટાફ સહિત મોટી સંખ્યામાં જોડાયા હતા.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### અરવિંદ કેજરીવાલે સરકારને ઘેરી

## વિસાવદરમાં હાર્યા એટલે ગુજરાતમાં મંત્રીમંડળ બદલી દીધું

### કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચારના અનેક મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવી રહી હતી

સુરેન્દ્રનગર,તા.૩૧


સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સુદામડા ગામે આમ આદમી પાર્ટી (AAP) દ્વારા એક વિશાળ ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપંચાયતમાં ખેડૂતો અને 'આપ'ના સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, જેણે સભાસ્થળને ભરચક બનાવી દીધું હતું. આ કાર્યક્રમમાં 'આપ'ના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે 'આપ'ના ગુજરાતના નેતાઓ, હોદ્દેદારો અને ધારાસભ્યો પણ મંચ પર હાજર રહ્યા હતા. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ખેડૂતોના મુદ્દે સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "આજના શાસનમાં બુટલેગરોને જલસા છે, તેમને તેમની વસ્તુઓના ભાવ વધારા માટે ક્યારેય આંદોલન કે ધરણાં કરવા પડતા નથી, જ્યારે ખેડૂતોને પોતાના હક્ક માટે સતત ધરણાં કરવા પડે છે."

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને રાજકોટથી રોડ માર્ગે આવવાનો અનુભવ જણાવતા ગુજરાતના રસ્તાઓની સ્થિતિ પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે, "રસ્તામાં ખાડા હોય છે, પણ અહીંયા તો ખાડામાં રસ્તા જોવાયા." 'આપ'ના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે તેમના સંબોધનની શરૂઆત ઉપસ્થિત સૌને નમસ્કાર કરીને કરી હતી. તેમણે જણાવ્યું કે આજે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ છે. સરદાર પટેલને ગુજરાત અને ભારતના 'શેર' કહેવાય છે, જેમણે હંમેશા ખેડૂતો માટે લડત આપી હતી. કેજરીવાલે આક્ષેપ કર્યો કે સરદારે ક્યારેય સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય કે ૧૦૦ વર્ષ પછી દેશમાં એવી સરકાર આવશે જે પોતાના હક્ક માટે લડતા ખેડૂતો પર જુલમ કરશે. આજે સરદારની આત્મા ગુજરાતને તેમણે જેલમાં નાખવામાં આવેલા ૮૫ ખેડૂતોના પરિવારજનોને સમર્થન જાહેર કર્યું હતું. અરવિંદ કેજરીવાલે કહ્યું કે 'આપ' આ તમામ પરિવારની સાથે છે અને ખેડૂતોને તમામ કાનૂની મદદ પૂરી પાડવામાં આવશે. એમનો એટલો જ વાંક હતો કે તેઓ પોતાના હક્ક માટે લડતા હતા. અમે આજે એ ખેડૂતોના પરિવારને બોલાવ્યા હતા, જેને પોલીસે મળવા જ નથી દીધા. અમે આ તમામ પરિવારની સાથે છીએ અને ખેડૂતોને તમામ કાનૂની મદદ આપીશું. તેમણે ઉત્તર ગુજરાતમાં ખેડૂતો પર થયેલા કથિત જુલમ, લઘુત્તમ ભાવનો મુદ્દો અને પોલીસ કાર્યવાહીને લઈને રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે ૭૫ વર્ષમાં આટલી ક્રૂર સરકાર જોઈ નથી. તેમણે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે 'સેટિંગ' હોવાનો આક્ષેપ કર્યો હતો અને ખેડૂતોને આગામી સમયમાં પરિવર્તન લાવવાનો અનુરોધ કર્યો હતો. થોડા સમય પહેલા ઉત્તર ગુજરાતમાં ખેડૂતો પર જુલમ કરાયા. આ ભાજપ વાળાને ફક્ત લોકોને જેલમાં મોકલતા જ આવડે છે. ૭૫ વર્ષમાં આટલી ક્રૂર સરકાર નથી જોઈ. ખેડૂતોને લઘુત્તમ ભાવ આપવાની વાત આ ભાજપ સરકારે કરી હતી, પણ થયું શું? આ સરકારની પોલીસે ખેડૂતોના ઘરમાં ઘુસીને પરિવારને માર્યા છે." હર્ષ સંઘવી અને ભૂપેન્દ્ર પટેલ પોતાના પરિવાર સાથે દિવાળી ઉજવતા હતા, ત્યારે આ ખેડૂતોના પરિવારો ઘરમાં રડતા હતા. બીજેપી વાળા એટલા કાયર છે કે હંમેશા પોલીસને આગળ કરે છે. એક વાર પોલીસને હટાવી લો, આ ખેડૂતોએ બીજેપી નેતાઓને ઘરેથી બહાર કાઢીને મારશે. બીજેપી વાળા એટલા કાયર છે કે ટ્રમ્પ રોજ ધમકી આપે છે. જે ટ્રમ્પ કહે, એ બીજેપી વાળા કરે છે. ખેડૂતો પર જોર કરતા બીજેપી વાળા ટ્રમ્પ સામે ઝૂકી જાય છે. આ મંચ પરથી હું બીજેપીને ચીમકી આપું છું કે ૩૭ વર્ષ પહેલાં કોંગ્રેસે ખેડૂતો પર ગોળીબાર કર્યો હતો, આજદિન સુધી કોંગ્રેસનું ગુજરાતમાં શાસન આવ્યું નથી.

અહીં એકવાર બીજેપીની સરકાર જશે તો ૫૦ વર્ષ સુધી પાછી નહીં આવે! વિસાવદરમા હાર્યા એટલે મંત્રિમંડળ બદલી દીધું. ભૂપેન્દ્ર પટેલને સીએમમાંથી ડમી સીએમ બનાવી દીધા અને હર્ષ સંઘવી સુપર સીએમ બની ગયા. આ આખા પાટીદાર સમાજનો અપમાન થયું છે. કોંગ્રેસ અને બીજેપી એક જ છે. બન્ને ભેગા થઈને ધંધો કરે છે. ફક્ત આપ વાળા જ કેમ જેલ જાય છે? કોંગ્રેસ વાળાને કેમ જેલમાં મોકલતા નથી? બન્ને વચ્ચે મોટું સેટિંગ છે. એક સમય હતો અંગ્રેજોને હતું કે તેમને કોઈ નહીં હટાવી શકે. આજે ભાજપને પણ આવું જ છે કે એમને કોઈ નહીં હટાવી શકે.

# લાઠીમાં ભામાશા ગોવિંદભાઈ ધોળકીયા દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ



લાઠી રામકૃષ્ણ એક્સપોર્ટના મોભી વતન પ્રેમી ઉદાર દાતા રત્ન ગોવિંદભાઈ ધોળકિયાની દુરંદેશી એ ચાલતા અનેક વિધ સેવા અભિયાનો પૈકી અન્નની શ્રુધા કરતો યજ્ઞ સ્નેહામૃત ભોજન પ્રસાદ એટલે આરોગ્ય ધામ લાલજી દાદા ના વડલા થી વાત્સલ્ય મૂર્તિ સંતોક મેડિકલ સેન્ટરથી દૈનિક લાઠી નજીકના દુધાળા અકાળા સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં સ્નેહામૃત ભોજન પ્રસાદ સેવા લાઠી શહેર પૂરતી સીમિત નહી પણ લાઠી પંથકના અંતરીયાળ ગામડાઓમા એકલા અટુલા રહેલા નિરાધાર વૃધ્ધ વડીલો અતિથિ અભ્યાગતોને ઘેર બેઠા સાત્વિક ભોજન પ્રસાદ પહોંચાડવાના સેવાયજ્ઞના લાભાર્થી વડીલોની શુભેચ્છા મુલાકાતે રામકૃષ્ણ એક્સપોર્ટ પરિવારના રાકેશભાઈ સહ પરિવાર કોમલબેન ધોળ કિયા, ભરતભાઈ કાકડીયા, બાબુભાઈ, રામજીભાઈ ગુજરાતી, કાળુભાઈ ભીકડીયા, ગોવિંદભાઈ, જયસુખભાઈ સહિત સ્થાનિક સ્વયંમ સેવી અગ્રણીઓએ વૃદ્ધ વડીલોની ખબર અંતર પૃચ્છા કરી ટિફિન સેવા અંગે સમથ બુધ્ધતા સત્ચિંત ભોજન પ્રસાદ સેવા અંગે સંતોષ વ્યકત કરતા વડીલોને મળી ખૂબ પ્રરૂરતા વ્યકત કરી હતી રામકૃષ્ણ એકસપોર્ટ પરિવારના મોભી ગોવિંદભાઈ ધોળ કિયાની દૂરોગામી દ્રષ્ટિએ રાકેશભાઈના માર્ગદર્શન હેઠળ ચાલતા સ્નેહામૃત ટિફિન સેવાયજ્ઞની બેનમુન સેવા વ્યવસ્થા અને સ્વયંમ સેવાના સમય સમર્પણ શ્રમથી ખૂબ પ્રભાવિત થઈ ખુશી વ્યકત કરી સ્વયમ સેવીની વંદનીય સેવા અંગે ''જીવન અંજલિ થજો જીવન અંજલિ થજો ભૂખ્યા કાજે ભોજન બનજો તરસ્યાનું થજો જળ દિન દુઃખથા ના આંસુ લ્હો તા અંતર ના ધરજો''નો સુંદર સંદેશ આપ્યો હતો લાલજી દાદાના વડલાની શીતળ છાયામાં ચાલતી સ્નેહામૃત ટિફિન સેવાના લાભાર્થીઓએ સમગ્ર રામકૃષ્ણ એક્સ પોર્ટ પરિવારના મોભીની દુરોગામી દ્રષ્ટિએ ચાલતા સ્નેહામૃત ભોજન પ્રસાદ સેવાની આશીર્વાદરૂપ હોવાનું જણાવ્યું શ્રેય માર્ગે ચાલવાની ઉદત સેવાથી ખૂબ રાજીપો વ્યકત કરતા અનેક વડીલોના ચહેરા ઉપર સંતોષનો સ્પષ્ટ ભાવ દેખાય રહ્યો હતો.

## અખંડ અને આધુનિક ભારતનાં શિલ્પી સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતીએ

# અમરેલીમાં ''રન ફોર યુનિટી''ને પ્રસ્થાન કરાવતા રાજયમંત્રી કૌશિક વેકરિયા

**સરદાર સર્કલથી પૂ. હરિરામબાપા ચોક, નાગનાથ મંદિર, ડો. જીવરાજ મહેતા ચોક સહિતનાં વિસ્તારમાં માર્ચ યોજાઈ**

**વિવિધ શાળા-કોલેજોનાં વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો અને નાગરિકો જોડાયા**

**સાંસદ સુતરીયા, જિલ્લા કલેકટર, ડીડીઓ સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓ જોડાયા**

**ઉપસ્થિત સૌ કોઈ ''એક ભારત, શ્રેષ્ઠ ભારત''ને વિકસિત બનાવવા સંકલ્પબધ્ધ થયા**



અમરેલી, તા. ૩૧

સમગ્રભારતમાંઅખંડઅને આધુનિકભારતનાશિલ્પી, લોહપુરૂષ, ભારતરત્નસરદારવલ્લભભાઈપટેલની ૧૫૦મી જન્મજયંતી અને 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણી હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત આજરોજઅમરેલીસ્થિતસરદારસર્કલ (સેન્ટર પોઈન્ટ)થી 'રનફોરયુનિટી'ને રાજયનાકાયદોઅનેન્યાયતંત્ર, ઉર્જાઅને પેટ્રોકેમિકલ્સતથાવૈધાનિકઅનેસંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા સહિત પદાધિકારીઓ, અધિકારીઓ ઉમળકાભેર જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમરેલી સ્થિત સરદાર સર્કલથી પૂ. હરિરામબાપા ચોક, નાગનાથ મંદિર, રાજકમલ ચોક

**અનુસંધાન પાના ૬ ઉપર**

## નાના લીલીયા ખાતે અવિરત વરસાદનાં કારણે મકાન થયું ધરાશાઈ



લીલીયા, તા. ૩૧

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ખેડૂતોને ખૂબ મોટી નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે અવિરત વરસાદનાં કારણે લીલીયા તાલુકાનાં નાના લીલીયા ગામે આવેલ મફત પ્લોટ વિસ્તારમાં શાંતુબેન સોમાભાઈ બલોલીયાનું મકાન ધરાશાઈ થયું છે. ઘટનાની જાણ સ્થાનિક સરપંચને થતાં સરપંચ રણજીતભાઈ ખુમાણ તાત્કાલિક દોડી ગયા હતા અને સમગ્ર બનાવની લીલીયા મામલતદાર, ટીડીઓને જાણ કરી હતી. ત્યારે સદનસીબે આ ઘટનામાં જાનહાની ટળી હતી. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### એક તરફ મેઘરાજાનો કહેર અને બીજી તરફ દીપડાનો ત્રાસ

## અમરેલીનાં નાના ભંડારીયા નજીક સતત દીપડાનાં આંટાફેરાથી ખેડૂતો ભયભીત

**વન વિભાગ દીપડાને પાંજરે પુરે તેવી માંગ**

અમરેલી, તા. ૩૧

અમરેલીનાં કુંકાવાવ માર્ગ ઉપર આવેલ નાના ભંડારીયા માર્ગ ઉપર છેલ્લા થોડા દિવસોથી દીપડાનાં આંટાફેરા વધી જતાં ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. એક તરફ મેઘરાજાનો કહેર અને બીજી તરફ દીપડાનાં ખોફથી ખેડૂતોમાં ચિંતા ઉભી થઈ છે.

કુંકાવાવ માર્ગ ઉપર આવેલ એક ફાર્મહાઉસમાંથી દીપડાએ શ્વાનને ઉપાડી લીધાનું અને ફાર્મ હાઉસની પાછળની બાજુએ આવેલ બાવળીયાનાં જંગલમાં દીપડાનો વસવાટ હોય દીપડા ધ્વારા કોઈ જાનહાની થાય તે પહેલા વન વિભાગ આળશ ખંખેરી દીપડાને પાંજરે પુરે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.


NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
(ગોળ હોસ્પિટલ) - ચિતલ રોડ.અમરેલી
WE ARE HIRING
MEDICAL OFFICER
Walk-In Interview
Date : 24/10/2025 to 05/11/2025
Time : 10 Am to 2 Pm
Send your resume
dr.arpanjani@gmail.com
9978966629/7984691227
APPLY NOW
Place : Nct campus, Chittal road, Amreli | www.nctamrelihospital.com



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,09,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707


### મયુર વજુભાઈ બોરસાણીયા નામના

## લાઠીનાં મતીરાળા ગામનાં યુવકે જીંદગીથી કંટાળી ઝેરી દવા પી લીધી

**સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૩૧

લાઠી તાલુકાના મતીરાળા ગામે ફુલવાડી પ્લોટ વિસ્તારમાં રહેતા મયુરભાઈ વજુભાઈ બોરસાણીયા નામના ૩૨ વર્ષિય યુવક જીંદગીથી કંટાળી ગયેલ હોય. તેથી ગત તા. ૨૫ના રાત્રીના આશરે દસેક વાગ્યે મતીરાળા ગામે પોતાના જુના ઘરે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પાણીના પીવાના ગ્લાસમાં ઓગાળી પી જતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પુત્રવધુને પ્રેમસબંધ હોય અને સસરાને માર પડયો

## ધારીનાં ગોવિંદપુર ગામે પ્રેમસબંધને લઈને જાનથી મારી નાખવાની ધમકી

**પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૩૧

ધારી તાલુકાના ગોવિંદપુર ગામે રહેતા મેપાભાઈ ભાયાભાઈ દાફડા નામના ૬૫ વર્ષિય વૃધ્ધ ગત તા. ૩૦ના સાંજે ગોવિંદપુર ગામે રામાપીરના મંદિર પાસે ગ્રામ પંચાયતના પાણીનો વાલ્વ ખોલવા માટે ગયેલ હોય. ત્યારે તે જ ગામે રહેતા આરોપી મહીપતભાઈ મોહનભાઈ ચાવડા ત્યાં બેઠેલ હોય. જેથી વૃધ્ધે આરોપીને કહેલ કે મારો દીકરો વિજય મરણ ગયેલ છે અને તેની પત્નિ રેખાબેન તમારા ઘર સામે રહે છે અને તમારા ભાઈ શૈલેષભાઈને રેખાબેન સાથે પ્રેમસંબધ હોય જેથી તમે તમારા ભાઈ શૈલેષભાઈને તમે સમજાવો કે વિજયની પત્નિને ભુલી જાય અને કામ ધંધો કરવા માટે બહાર જતો રહે.

અગાઉ પણ નાત રીવાજે આપણે સમાધાન થયેલ છે અને શૈલેષ ગોવિંદપુર ગામે નહી રહે તેવી વાત થયેલ છે. તેમ કહેતા આરોપીને સારૂ નહી લાગતા વૃધ્ધને જેમફાવે તેમ ગાળો આપી, પાટુ મારી પછાડી દઈ ઢીકાપાટુનો મુંઢ માર મારી અને નજીકમાં પડેલ લોખંડની પાઈપ લઈને જમણી સાઈડમાં પડખાના ભાગે એક ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.


Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• માઈક્રો બાયોલોજીસ્ટ - 4
• ડેરી ટેકનોલોજીસ્ટ - 4
• ફૂડ ટેકનોલોજીસ્ટ - 5
• કેમિસ્ટ - 3
• એચ.આર એક્ઝિક્યુટિવ - 2
• રીપોર્ટીંગ મેનેજર - 2
• ટ્રેનર - 1
Location :
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
scplhr1994@gmail.com
+91 92744 11751


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)